ગુજરાત સરકારની તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ઉપયોગી

# નાણાકીય વર્ષ 2020-21નું ગુજરાત સરકારનું અંદાજપત્ર


## Special Issue




ICE®

INSTITUTE FOR COMPETITIVE EXAMS

સંપાદક : મૌલિક ગોંધિયા (Director - ICE)



# ગુજરાત સરકારનું અંદાજપત્ર 2020-21

26 ફેબ્રુઆરી, 2020ના રોજ ગુજરાતના નાણામંત્રી તથા નાયબ મુખ્યમંત્રી **શ્રી નીતિનભાઈ પટેલે** ગુજરાત વિધાનસભામાં વર્ષ **2020-21** માટેનું અંદાજપત્ર રજૂ કર્યું હતું.

- નાણામંત્રી તરીકે શ્રી નીતિનભાઈ પટેલે રજૂ કરેલું આ **આઠમું** અંદાજપત્ર હતું.
- **રૂ. 2 લાખ કરોડ**થી વધુનું કુલ કદ ધરાવતું આ ગુજરાતનું **બીજું** બજેટ હતું.
- આ ઉપરાંત મહેસૂલી પુરાંતવાળુ આ ગુજરાત સરકારનું **સતત નવમું** બજેટ હતું.
- આ બજેટમાં ગુજરાતને **ઉત્તમથી સર્વોત્તમ** તરફ લઈ જવાનું સરકારનું ધ્યેય છે.
- આ બજેટમાં શિક્ષણ, આરોગ્ય, કૃષિ, પશુપાલન, જળ વ્યવસ્થાપન, ગ્રામ અને શહેરી વિકાસ અને સામાજિક વિકાસ જેવા ક્ષેત્રો ઉપર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે.
- તેની સાથે સાથે બિનપરંપરાગત ઊર્જા સ્ત્રોતના મહત્તમ ઉપયોગ અને પર્યાવરણની જાળવણીને પણ આ બજેટમાં પ્રાધાન્ય આપવામાં આવ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ગુજરાતના બજેટની વિશિષ્ટતા

ગુજરાત સરકારના બજેટ અંતર્ગત પ્રસિદ્ધ થતા વિવિધ દસ્તાવેજોમાં ગુજરાત સરકારના બજેટમાં **બે વિશિષ્ટ બજેટ** પ્રસિદ્ધ કરવામાં આવે છે :

(1) **જેન્ડર બજેટ (Gender Budget)**

(2) **પરિણામલક્ષી બજેટ (Outcome Budget)**

- આ અંતર્ગત વર્ષ **2019-20**ના ગુજરાત સરકારના અંદાજપત્રમાં પ્રસિદ્ધ થયેલું 'જેન્ડર બજેટ' **સાતમું જેન્ડર બજેટ** હતું.
- અને આ બજેટમાં પ્રસિદ્ધ થયેલું 'પરિણામલક્ષી બજેટ' ગુજરાતનું **ચોથું પરિણામલક્ષી બજેટ** હતું.

## જેન્ડર બજેટ (Gender Budget)

ગુજરાત સરકાર દ્વારા નાણાકીય વર્ષ 2014-15થી 'જેન્ડર બજેટ' પ્રકાશિત કરવામાં આવે છે.

- આ બજેટમાં વિવિધ વિભાગો દ્વારા કરવામાં આવેલ મહિલાલક્ષી નાણાકીય ફાળવણીની વિગતો દર્શાવવામાં આવે છે.
- આ બજેટ સરકારના વિવિધ વિભાગોને જુદા–જુદા ક્ષેત્રોમાં જાતિગત ચોક્કસ ફાળવણી માટેની જરૂરિયાત અને મહત્ત્વ નક્કી કરવા સક્ષમ બનાવે છે.
- આ બજેટનો મુખ્ય ઉદ્દેશ મહિલા સશક્તિકરણ અને જાતિગત સમાનતાના ઈચ્છિત પરિણામો હાંસલ કરવા માટે જરૂરી બજેટની ફાળવણી અંગે દિશાસૂચન કરવાનો છે.

## પરિણામલક્ષી બજેટ (Outcome Budget)

ગુજરાત સરકાર દ્વારા નાણાકીય વર્ષ 2017-18થી 'પરિણામલક્ષી અંદાજપત્ર' પ્રકાશિત કરવાની શરૂઆત કરવામાં આવી છે.

- ગુજરાત રાજ્ય દ્વારા અંદાજપત્ર પ્રકાશન નંબર - 56 તરીકે પરિણામલક્ષી અંદાજપત્ર પ્રકાશિત કરવામાં આવે છે.
- પરિણામલક્ષી અંદાજપત્રનો મુખ્ય હેતુ અંદાજપત્રીય જોગવાઈઓને વિવિધ યોજનાઓના વિકાસના પરિણામો સાથે સાંકળવાનો છે.
- પરિણામલક્ષી અંદાજપત્ર સરકારની અગ્રતાઓ, નિર્ણયો, ઉદ્દેશો અને કાર્યક્રમોને મૂર્ત સ્વરૂપ આપવામાં મદદરૂપ બને છે.
- સંયુક્ત રાષ્ટ્રસંઘના એજન્ડા 2030 દ્વારા નિર્ધારિત કરવામાં આવેલા 17 સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ (SDGs) અંતર્ગત ગુજરાત સરકાર દ્વારા 'ગુજરાત સસ્ટેઈનેબલ વિઝન 2030' તૈયાર કરવામાં આવ્યું છે. પરિણામલક્ષી અંદાજપત્ર એ આ દિશામાં એક પહેલ છે.

**નોંધ :** (1) ગુજરાત સરકારના બજેટમાં રાજકોષીય જવાબદારી અંગેના પત્રકો 'ગુજરાત રાજવિત્તીય જવાબદારી અધિનિયમ, 2005' હેઠળ અંદાજપત્ર પ્રકાશન નંબર – 30 અંતર્ગત પ્રસિદ્ધ કરવામાં આવે છે.

(2) ગુજરાત સરકારના અંદાજપત્ર પ્રકાશન નંબર – 2 અંતર્ગત પ્રસિદ્ધ થતું 'એકત્રિત નિધિ હેઠળ પ્રાપ્તિ અને આકસ્મિકતા નિધિ તથા જાહેર હિસાબ લેવડદેવડ માટેનું બજેટ' ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલે પાંચમી પંચવર્ષીય યોજનાના પ્રથમ વર્ષને સમવર્તી એટલે કે 1974-75ના વર્ષથી નિયત કરેલા સુધારેલા ફોર્મ મુજબ (અથવા તો હિસાબ વર્ગીકરણની સુધારેલી પદ્ધતિ મુજબ) તૈયાર કરવામાં આવે છે.

(3) ગુજરાત સરકારના અંદાજપત્રના પ્રકાશન નંબર - 34 અંતર્ગત 'સામાજિક-આર્થિક સમીક્ષા' (Social- Economic Review) પ્રસિદ્ધ કરવામાં આવે છે.

## વર્ષ 2020-21ના બજેટમાં નાણાકીય વ્યવસ્થાપન

ગુજરાત સરકારના વર્ષ 2020-21ના બજેટનું કુલ કદ રૂ. 2,17,287 કરોડ છે.

- જે વર્ષ 2019-20ના બજેટના કુલ કદના અંદાજ કરતાં લગભગ રૂ. 12472 કરોડ વધારે છે.
- વર્ષ 2020-21 દરમિયાન ચોખ્ખી લેવડ-દેવડને અંતે રૂ. 605 કરોડની પુરાંત રહેવાનો અંદાજ છે.
- આમ, વર્ષ 2020-21નું ગુજરાત સરકારનું અંદાજપત્ર રૂ. 605 કરોડની એકંદર પુરાંત દર્શાવે છે.
- જોકે તેમાં વીજકરમાં સૂચિત ઘટાડાની રકમ (વેરાકીય આવકમાં ઘટાડો) બાદ કરતાં તે રૂ. 275.27 કરોડ રહેવાની સંભાવના છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વિકાસલક્ષી ખર્ચ

ગુજરાતના લાંબાગાળાના વિકાસને ધ્યાનમાં રાખીને આ બજેટમાં રૂ. 1,33,283 કરોડ જેટલા વિકાસલક્ષી ખર્ચની જોગવાઈ કરવામાં આવી છે.

- જે રૂ. 80401 કરોડના બિનવિકાસલક્ષી ખર્ચ કરતા રૂ. 52,881 કરોડ વધારે છે.

## મહેસૂલી પુરાંત

વર્ષ 2020-21ના આ અંદાજપત્રમાં રૂ. 789 કરોડની મહેસૂલી પુરાંત રહેવાનો અંદાજ છે.

- મહેસૂલી પુરાંતવાળું ગુજરાત સરકારનું આ સતત નવમું બજેટ છે.
- નાણાકીય વર્ષ 2020-21 દરમિયાન ગુજરાતમાં રૂ. 1,62,447 કરોડની મહેસૂલી આવક થવાનો અંદાજ છે.
- જે નાણાકીય વર્ષ 2019-20ના મહેસૂલી આવકના સુધારેલા અંદાજ કરતાં 8.42 ટકા વધારે છે.

## રાજકોષીય ખાધ

વર્ષ 2015-16 દરમિયાન ગુજરાતની રાજકોષીય ખાધ ગુજરાતના ઘરગથ્થુ ઉત્પાદનના 2.24 ટકા હતી.

- જે ઘટીને વર્ષ 2016-17માં રાજ્યના કુલ ઘરગથ્થુ ઉત્પાદન (GSDP)ના 1.42 ટકા રહી હતી.
- રાજકોષીય ખાધની આ ટકાવારી ગુજરાતની અત્યાર સુધીની સૌથી ઓછી ટકાવારી છે.
- વર્ષ 2019-20ના અંદાજપત્રમાં ગુજરાતમાં રાજકોષીય ખાધ GSDPના 1.84 ટકા રહેવાનો અંદાજ હતો.
- જોકે વર્ષ 2019-20ના સુધારેલા અંદાજ અનુસાર તે 1.63 ટકા રહેવાની શક્યતા છે.
- જ્યારે વર્ષ 2020-21 દરમિયાન અંદાજપત્રમાં ગુજરાતમાં રાજકોષીય ખાધ GSDP (કુલ ઘરગથ્થુ ઉત્પાદન)ના 1.78 ટકા રહેવાનો અંદાજ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ગુજરાતનું જાહેર દેવું

વર્ષ 2019-20ના સુધારેલા અંદાજ અનુસાર ગુજરાતનું જાહેર દેવું ગુજરાતના કુલ ઘરગથ્થુ ઉત્પાદનના 16.09 ટકા રહ્યું હતું.

- જ્યારે વર્ષ 2020-21માં તે 15.72 ટકા રહેવાનો અંદાજ છે.
- રાજ્યનું દેવું એ **રાજ્યના વિકાસકાર્યો (મૂડી ખર્ચ) માટેનું એક સંસાધન** છે.
- ગુજરાત સરકારના અસરકારક નાણાકીય સંચાલન અને કુશળ નાણાકીય વ્યવસ્થાપનને કારણે **છેલ્લા 16 નાણાકીય વર્ષથી** (2004-05થી 2019-20 આજ દિન સુધી) ગુજરાત સરકારે **ઓવરડ્રાફ્ટ** લીધેલ નથી.
- અને **છેલ્લા 15 નાણાકીય વર્ષથી સાધનોપાય પેશગી** લીધેલ નથી.
- ગુજરાતમાં જાહેર દેવા અંગેનું ખર્ચ 2004-05માં 10.79 ટકા હતું.
- જે ઘટીને 2018-19માં 8.50 ટકા થયું હતું. અને 2019-20ના સુધારેલા અંદાજમાં તે 8.47 ટકા થવાની અપેક્ષા છે.

JOIN Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

# વર્ષ 2020-21ના ગુજરાત સરકારના બજેટની મહત્ત્વની જાહેરાતો

## કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની વિવિધ યોજનાઓ

### વ્યાજ રહિત પાક ધિરાણ

ગુજરાતના ખેડૂતો સહકારી તેમજ રાષ્ટ્રીયકૃત બેન્ક મારફત દર વર્ષે આશરે રૂ. 39,000 કરોડનું ટૂંકી મુદતનું પાક ધિરાણ મેળવે છે. જેનું સંપૂર્ણ વ્યાજ રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા બેન્કને ચૂકવવામાં આવે છે.

- આમ, ગુજરાતના ખેડૂતોને **ઝીરો ટકા** વ્યાજ દરે એટલે કે **વ્યાજ રહિત** પાક ધિરાણ મળે તે માટે બજેટમાં **રૂ. 1000 કરોડ**ની જોગવાઈ કરવામાં આવી છે.

### રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના

આ યોજના અંતર્ગત કૃષિ અને સંલગ્ન ક્ષેત્રોના વિવિધ પ્રોજેક્ટ માટે રૂ. 300 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### મુખ્યમંત્રી પાક સંગ્રહ યોજના

કમોસમી વરસાદ, વાવાઝોડું, અતિવૃષ્ટિ, જીવજંતુનો ઉપદ્રવ અને અન્ય પરિબળોથી પાક ઉત્પાદન બાદનું નુકસાન અટકાવવા માટે બજેટમાં નવી **મુખ્યમંત્રી પાક સંગ્રહ યોજના**ની જાહેરાત કરવામાં આવી છે.

- આ યોજના અંતર્ગત ખેડૂતોને ખેતરમાં **નાના ગોડાઉન - ઓન ફાર્મ સ્ટોરેજ સ્ટ્રક્ચર** બનાવવા માટે **એકમ દીઠ રૂ. 30,000** સહાય આપવામાં આવશે.
- આવા સ્ટ્રક્ચરના બાંધકામ માટે **એન.એ.ની મંજૂરીથી મુક્તિ** આપવામાં આવશે. જેના માટે બજેટમાં રૂ. 300 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

### કૃષિ યાંત્રિકીકરણ

આ યોજના અંતર્ગત 29,000 ખેડૂતોને ટ્રેક્ટર દીઠ **રૂ. 45,000 થી રૂ. 60,000**ની સહાય તેમજ આશરે 32,000 ખેડૂતોને વિવિધ ઓજારોની ખરીદીમાં સહાય આપવા રૂ. 235 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.



## ગાય આધારિત પ્રાકૃતિક ખેતી માટેની યોજના

વર્તમાન સમયમાં જંતુનાશક દવાઓ અને રાસાયણિક ખાતરોના વધુ પડતા ઉપયોગથી થતાં નુકસાનને લીધે પ્રાકૃતિક ખેત ઉત્પાદનોની માંગ વધી છે.

- દક્ષિણ ગુજરાતમાં **વલસાડ અને ડાંગ** જિલ્લામાં **પ્રાકૃતિક ખેતી**ને પ્રોત્સાહન આપવાની યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. હવે ગુજરાતના ખેડૂતો **ગાય આધારિત પ્રાકૃતિક ખેતી** તરફ વળે તે માટે બજેટમાં નવી યોજનાની જાહેરાત કરવામાં આવી છે.
- આ યોજના અંતર્ગત ગાય આધારિત પ્રાકૃતિક ખેતી કરનાર ખેડૂતને એક ગાય દીઠ નિભાવ ખર્ચ પેટે **માસિક રૂ. 900** એટલે કે **વાર્ષિક રૂ. 10,800** સહાય આપવામાં આવશે.
- પ્રાકૃતિક ખેતી માટે ખેડૂતે ગાયનું છાણિયું ખાતર અને જીવામૃતનો ઉપયોગ કરવાનો રહેશે. જેના કારણે લાંબા ગાળે જમીનની ફળદ્રુપતા વધશે, લોકોને સ્વાસ્થ્યપ્રદ ઓર્ગેનિક અનાજ અને શાકભાજી મળી રહેશે તેમજ ગૌ સેવાનો લાભ પણ મળશે.
- આ યોજના અંતર્ગત અંદાજે 50 હજાર ખેડૂતોને આવરી લેવા માટે રૂ. 50 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

## કિસાન પરિવહન યોજના

ખેડૂતો પોતાના ઉત્પાદન રાજ્યના અન્ય શહેરોમાં અથવા દેશના અન્ય ભાગોમાં વેચાણ અર્થે લઈ જઈ શકે તે માટે પરિવહન સુવિધા ઉપલબ્ધ કરાવવી ખૂબ જરૂરી બને છે.

- આ હેતુ માટે ભારત સરકારે **કિસાન રેલ અને ઉડાન યોજના** જાહેર કરી છે. જેને સુસંગત ગુજરાત સરકારે નવી **કિસાન પરિવહન યોજના**ની જાહેરાત કરી છે.
- આ યોજના દ્વારા ખેડૂતોને **હળવા ભારવાહક વાહન**ની ખરીદી માટે **રૂ. 50 હજારથી રૂ. 75 હજાર** સહાય આપવામાં આવશે. જેમાં પ્રથમ તબક્કે અંદાજિત **પાંચ હજાર ખેડૂતો**ને લાભ આપવા માટે બજેટમાં રૂ. 30 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારતની પ્રથમ સજીવ કૃષિ યુનિવર્સિટી

દેશની પ્રથમ એવી **ગુજરાત ઓર્ગેનિક એગ્રીકલ્ચરલ યુનિવર્સિટી પંચમહાલ** જિલ્લાના **હાલોલ** ખાતે સ્થાપવા માટે બજેટમાં રૂ. 12 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

## મુખ્યમંત્રી પશુદાણ સહાય યોજના

રાજ્યના લાખો પશુપાલકોની સહાય માટે બજેટમાં **નવી મુખ્યમંત્રી પશુદાણ સહાય યોજના**ની જાહેરાત કરવામાં આવી છે.

- આ યોજના હેઠળ દરેક પશુપાલકને તેમના **એક ગાય કે ભેંસ દીઠ, એક પશુના વિયાણ દરમિયાન એક માસ** માટે કુલ **150 કિલોગ્રામ પશુદાણ**ની ખરીદી પર **50 ટકા રકમ**ની સહાય આપવામાં આવશે. જેથી દૂધાળા પશુઓને પૌષ્ટિક આહાર મળશે.
- રાજ્યની દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓના અંદાજિત 15 લાખ સભાસદ પશુપાલકોને આ યોજનાનો લાભ મળશે. જે માટે બજેટમાં કુલ રૂ. 200 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

JOIN Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## પાંજરાપોળોને અપગ્રેડ કરવા એક વખતની સહાય

ગાયોની સાર સંભાળ માટે પાંજરાપોળના માધ્યમથી અનેક સંસ્થાઓ રાજ્યમાં કાર્યરત છે.

- સારા નરસા વર્ષોમાં ગુજરાતના ગૌધનને બચાવવામાં આ સંસ્થાઓનું યોગદાન મોટું છે. આવી સંસ્થાઓને પગભર કરવા મદદરૂપ થવા બજેટમાં એક નવી યોજનાની જાહેરાત કરવામાં આવી છે.
- આ યોજના હેઠળ **રજિસ્ટર્ડ પાંજરાપોળોને અપગ્રેડ કરવા** એક વખતની સહાયરૂપે ગાયો માટે શેડ, ઘાસચારાના સંગ્રહ માટે ગોડાઉન, પાણી માટે ટ્યુબવેલની સુવિધા, સોલાર રૂફ ટોપની સ્થાપના, ઘાસચારાના પ્લોટમાં માઈક્રો ઈરીગેશન, સ્પ્રીંકલર જેવી માળખાકીય સુવિધાઓનો લાભ આપવામાં આવશે. જે માટે કુલ રૂ. 100 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

## પશુ દવાખાના

સમગ્ર ગુજરાતમાં **10 ગામ દીઠ એક પશુ દવાખાના**ની સેવાઓ માટે બજેટમાં રૂ. 35 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

## નવીન વેટરનરી કોલેજ

**હિંમતનગર** નજીક **રાજપુર નવા** ખાતે નવીન વેટરનરી કોલેજ, મત્સ્યોદ્યોગ અનુસ્નાતક અભ્યાસ કેન્દ્ર, પશુ સારવાર સંસ્થાઓ અને ઘનિષ્ઠ પશુ સુધારણાની કચેરીઓના બાંધકામ તેમજ મરામત માટે બજેટમાં રૂ. 43 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

## લારીવાળાઓને મોટી સાઈઝની છત્રીઓ

હજારો લારીવાળા ભાઈ-બહેનો રોડની સાઈડમાં ખુલ્લી જગ્યામાં ઊભા રહી ફળફળાદી, શાકભાજી વગેરેનું વેચાણ કરે છે. આ નાના વ્યવસાયકારોને ગરમી, ઠંડી અને વરસાદથી રક્ષણ આપવા માટે તથા તેમની લારીઓમાં રાખવામાં આવતાં ફળફળાદી, શાકભાજી બગડી ન જાય તે માટે તેમને મોટી સાઈઝની છત્રીઓ આપવામાં આવશે. આવા અંદાજે 65 હજાર છૂટક વેચાણકારો માટે બજેટમાં રૂ. 8 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## બાગાયતી પાકોનું કાપણી પછી થતું નુકસાન અટકાવવા માટેની યોજના

ખેડૂતોના બાગાયતી પાકોનું કાપણી પછી થતું નુકસાન અટકાવવા અને મૂલ્યવર્ધન માટે પ્રાયોગિક ધોરણે **બનાસકાંઠા, જામનગર, કચ્છ, નવસારી અને છોટાઉદેપુર**માં એફ.પી.ઓ. આધારિત માળખાકીય સુવિધાઓ વિકસાવવામાં આવશે.

- જેને ઈ-નામ સાથે સાંકળી બાગાયતી ઉત્પાદનોને રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય બજારો સુધી વિકસિત કરવા બજેટમાં રૂ. 25 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

## નવું સેન્ટર ઓફ એક્સલેન્સ

**જામનગર** જિલ્લામાં નવું **સેન્ટર ઓફ એક્સલેન્સ** ઊભું કરવા રૂ. 2 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

## નાના માછીમારોને એન્જિન ખરીદીમાં સહાય

પરંપરાગત રીતે માછીમારી કરતા નાના માછીમારોને એન્જિન ખરીદીમાં સહાય આપવા નવી યોજનાની જાહેરાત કરવામાં આવી છે.

- આ યોજના અંતર્ગત **દરિયાઇ ફીશીંગ બોટ, 2 સ્ટ્રોક, 4 સ્ટ્રોક આઇબીએમ અને ઓબીએમ એન્જીન ખરીદવા માટે યુનિટ કોસ્ટ રૂપિયા એક લાખ વીસ હજારના 50 ટકા સહાય** આપવામાં આવશે. જે માટે રૂ. 9 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

### ગોડાઉન બનાવવા માટે સહાય

ખેતપેદાશોના રક્ષણ માટે બજાર સમિતિઓને 5000 મેટ્રિક ટન સુધીની ક્ષમતા ધરાવતા ગોડાઉન બનાવવા માટે સહાય આપવામાં આવશે. જે માટે રૂ. 50 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

### શેરડી પેમેન્ટ માટેની લોન પર વ્યાજ સહાય

ભારત સરકારની યોજના અંતર્ગત વર્ષ 2018-19ના શેરડી પેમેન્ટ માટે ખાંડ સહકારી મંડળીઓએ પાંચ વર્ષની અવધિ માટે મેળવેલ સોફ્ટ લોનનું વ્યાજ ભારત સરકાર દ્વારા એક વર્ષ માટે ચૂકવવામાં આવનાર છે.

- ગુજરાત સરકાર આ સોફ્ટ લોન સામે ભરવાપાત્ર થતા વ્યાજના 7% અથવા ખરેખર ચુકવવામાં આવનાર વ્યાજ આ બેમાંથી જે ઓછું હોય, તેટલી વ્યાજ સહાય વધુમાં વધુ ચાર વર્ષ સુધી આપશે. આ માટે બજેટમાં રૂ. 23 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

## જળસંપત્તિ વિભાગની વિવિધ યોજનાઓ

### અટલ ભૂજલ યોજના

ભૂગર્ભ જળના સ્તર ઊંચા લાવવા તેમજ ભૂગર્ભ જળ વ્યવસ્થાપનને ઉત્તેજન આપવા ભારત સરકારના સહયોગથી અટલ ભૂજલ યોજના અમલમાં આવેલ છે.

- આ યોજના હેઠળ ઉત્તર ગુજરાત અને કચ્છ જિલ્લાના 24 તાલુકાઓને પાંચ વર્ષના સમયગાળા માટે રૂ. 757 કરોડ ફાળવવાનું આયોજન કરવામાં આવ્યું છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

### થરાદથી સીપુ ડેમ સુધી પાઈપલાઈન

બનાસકાંઠા જિલ્લામાં થરાદથી સીપુ ડેમ સુધી પાઈપલાઈન નાખવાથી થરાદ, લાખણી, ડીસા અને દાંતીવાડા તાલુકાના આશરે 6000 હેક્ટર વિસ્તારને લાભ થશે. જેના માટે બજેટમાં રૂ. 225 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

### હિરપુરા અને વલાસણા બેરેજ

સાબરમતી નદી પર રૂ. 200 કરોડના ખર્ચે હાથ ધરવામાં આવી રહેલ હિરપુરા અને વલાસણા બેરેજ માટે બજેટમાં રૂ. 60 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.



## આદિજાતિ વિસ્તાર માટેની વિવિધ યોજનાઓ

### તાપી-કરજણ લીંક પાઈપલાઈન ઉદ્વહન સિંચાઈ યોજના

સુરત જિલ્લાના ઉમરપાડા તાલુકામાં અને નર્મદા જિલ્લાના ડેડીયાપાડા તાલુકામાં, તાપી-કરજણ લીંક પાઈપલાઈન ઉદ્વહન સિંચાઈ યોજના માટે રૂ. 92 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

### કાકરાપાર-ગોરધા-વડ ઉદ્વહન સિંચાઈ યોજના

દક્ષિણ ગુજરાતમાં સુરત જિલ્લાની કુલ રૂ. 511 કરોડની કાકરાપાર-ગોરધા-વડ ઉદ્વહન સિંચાઈ યોજના માટે બજેટમાં રૂ. 70 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

### ભાડભૂત બેરેજ

જમીનની ખારાશ અટકાવવા તથા ભૂગર્ભજળની ગુણવત્તા સુધારવા માટે ભાડભૂત બેરેજની કામગીરી શરૂ કરવા તથા કલ્પસર યોજના અંતર્ગત અભ્યાસો પૂર્ણ કરવા માટે કુલ રૂ. 400 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.



ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સૂક્ષ્મ સિંચાઈ

### માઈક્રો ઈરીગેશન સિસ્ટમ

રાજ્યમાં માઈક્રો ઈરીગેશન સિસ્ટમનો વ્યાપ વધારવા માટે અને સિંચાઈના પાણીનો કાર્યક્ષમ ઉપયોગ કરવા માટે જે ખેડૂત જૂથો હયાત કેનાલના માળખામાંથી પાણી મેળવી, માઈક્રો ઈરીગેશન સિસ્ટમ મારફતે સિંચાઈ કરશે તે ખેડૂત જૂથોને પ્રવર્તમાન પીયાવાના દરમાં 50 ટકા રાહત આપવામાં આવશે.

## નર્મદા યોજના

નર્મદા યોજનાનો પૂર્ણ લાભ લેવા અને જરૂરી કામોને પૂર્ણ કરવા રૂ. 8755 કરોડનું બજેટમાં આયોજન કરવામાં આવ્યું છે.

### કચ્છને 1 મિલિયન એકર ફીટ પાણી

નર્મદા બંધ પરથી ચોમાસા દરમિયાન ઉપલબ્ધ થનાર વધારાના પાણી પૈકી, કચ્છને 1 મિલિયન એકર ફીટ પાણી પહોંચાડવાનું આયોજન છે.

- જે માટે કચ્છ શાખા નહેરના બાકીના કામો પૂર્ણ કરવા, દુધઈ પેટા શાખાના કામો અને તેની વિતરણ નહેરોના કામો હાથ ધરવા બજેટમાં રૂ. 1084 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

JOIN Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

# શિક્ષણ વિભાગ માટેની વિવિધ યોજનાઓ

## સ્કૂલ ઓફ એક્સલન્સ યોજના

સરકારી શાળાઓમાં ગુણવત્તાયુક્ત શિક્ષણ સુનિશ્ચિત કરવા બજેટમાં નવી સ્કૂલ ઓફ એક્સલન્સ યોજનાની જાહેરાત કરવામાં આવી છે જે અંતર્ગત ઉત્કૃષ્ટ શાળાઓ બનાવી શ્રેષ્ઠ ગુણવત્તાયુક્ત શિક્ષણ સુનિશ્ચિત કરાશે.

- રાજ્યની શાળાઓ પૈકી 500 શાળાઓને સ્કૂલ ઓફ એક્સલન્સ તરીકે વિકસાવવામાં આવશે. જેમાં તાલુકાના સૌથી પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને પસંદ કરી તેમને આ સ્કૂલમાં વિષય નિષ્ણાત શિક્ષકો દ્વારા ઉત્તમ શિક્ષણ આપવામાં આવશે.
- આવી શાળાઓમાં તમામ અદ્યતન માળખાકીય સુવિધાઓ, સ્માર્ટ ક્લાસરૂમ, કોમ્પ્યુટર લેબ, સ્ટેમ લેબ અને રમતગમતની સુવિધાઓ પૂરી પાડવા માટે રૂ. 250 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

## નવા 7,000 વર્ગખંડોનું બાંધકામ

આ વર્ષે પ્રાથમિક શાળાઓના નવા 7,000 વર્ગખંડોનું બાંધકામ હાથ ધરવામાં આવશે. જે માટે રૂ. 650 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

## ગુજરાત સ્કૂલ ક્વોલિટિ એક્રેડીટેશન કાઉન્સીલ

ગુજરાતમાં શાળાની શૈક્ષણિક કામગીરી અને માળખાકીય સુવિધાઓના મૂલ્યાંકન માટે ગુજરાત સ્કૂલ ક્વોલિટિ એક્રેડીટેશન કાઉન્સીલ માટે બજેટમાં રૂ. 5 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



JOIN Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## વર્ચુઅલ ક્લાસરૂમ

ગુજરાતમાં પ્રાથમિક શાળાના 15,000 વર્ગખંડોમાં અંદાજિત 6 લાખ બાળકોને ઉપયોગી થાય તેવા વર્ચુઅલ ક્લાસરૂમ અને જ્ઞાનકુંજ સવલત ઊભી કરવા બજેટમાં રૂ. 125 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

## બાળકોના પરિવહન માટે સહાય

ઘરથી સ્કૂલનું અંતર એક કિલોમીટરથી વધુ હોય તેવી સરકારી શાળાઓમાં અભ્યાસ કરતા 1,50,000 કરતા વધુ બાળકોના પરિવહન માટે સહાય આપવા બજેટમાં રૂ. 66 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

## નવું જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન

વ્યારા ખાતે રૂ. 14 કરોડના ખર્ચે નવું જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન બાંધવામાં આવશે. જેનાથી આદિજાતિ વિસ્તારના શિક્ષકો અને વિદ્યાર્થીઓને લાભ થશે તેમજ તાલીમ તથા શિક્ષણની ગુણવત્તામાં સુધારો થશે. જે માટે બજેટમાં રૂ. 4 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

## સ્ટડી ઈન ગુજરાત કાર્યક્રમ

સ્ટડી ઈન ગુજરાત કાર્યક્રમ અંતર્ગત, રાજ્યની શૈક્ષણિક સંસ્થાઓનો રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ વ્યાપ વધારવા રૂ. 10 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સ્કૂલ ઓફ ડિફેન્સ સ્ટડીઝ

ગુજરાત સરકાર વિદ્યાર્થીઓને અત્યાધુનિક શિક્ષણ આપવા માટે સદા અગ્રેસર રહી છે. એ દિશામાં આગળ વધતા ગુજરાત યુનિવર્સિટી ખાતે DRDO સાથે MoU કરી સ્કૂલ ઓફ ડિફેન્સ સ્ટડીઝ શરૂ કરવા માટે બજેટમાં રૂ. 7 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

## ડિપાર્ટમેન્ટ ઓફ એડવાન્સ ડિફેન્સ ટેકનોલોજીનો અભ્યાસક્રમ

આઈ.આઈ.ટી. રામ ખાતે DRDOના સહયોગથી ડિપાર્ટમેન્ટ ઓફ એડવાન્સ ડિફેન્સ ટેકનોલોજીનો અભ્યાસક્રમ શરૂ કરવા માટે બજેટમાં રૂ. 12 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

## ડિજિટલ એજ્યુકેશન ડેવલપમેન્ટ ફંડ

ડિજિટલ એજ્યુકેશન ડેવલપમેન્ટ ફંડ અંતર્ગત કુલ 221 ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ સંસ્થાઓમાં ડિજિટલ ટેકનોલોજી અંગેની પ્રવૃત્તિઓ હાથ ધરવા રૂ. 30 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

JOIN Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

# આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની વિવિધ યોજનાઓ

## 10,000ની વસતીએ એક અર્બન હેલ્થ સેન્ટર

શહેરી વિસ્તારના નાગરિકોને ઝડપી સારવાર મળી રહે, સગર્ભા મહિલાઓની નિયમિત આરોગ્ય તપાસ થાય, જરૂરી માર્ગદર્શન અપાય, સમયસર જરૂરી પોષક આહાર અપાય, બાળકોનું સંપૂર્ણ રસીકરણ થાય અને ઈન્દ્રધનુષ કાર્યક્રમનો 100 ટકા અમલ થાય તે માટે શહેરી વિસ્તારમાં **અર્બન હેલ્થ સેન્ટરો** ચલાવવામાં આવી રહ્યા છે. જેનો વ્યાપ વધારવા **10,000ની વસતીએ એક અર્બન હેલ્થ સેન્ટર** કાર્યરત કરવાની બજેટમાં જાહેરાત કરવામાં આવી છે.

- આ અર્બન હેલ્થ સેન્ટરમાં એમ.બી.બી.એસ. કે આયુષ ડોક્ટર દ્વારા વિવિધ આરોગ્યલક્ષી સેવાઓ પૂરી પાડવામાં આવશે. આવા અર્બન હેલ્થ સેન્ટરની રચના માટે રૂ. 80 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.



INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ત્રણ નવી મેડિકલ કોલેજો

કેન્દ્ર સરકારે આરોગ્ય સેવાઓને વધુ સઘન બનાવવા તેમજ એમ.બી.બી.એસ.ની હયાત સીટમાં વધારો કરવા ગુજરાતમાં આ વર્ષે **ત્રણ નવી મેડિકલ કોલેજો નવસારી, રાજપીપળા અને પોરબંદર** ખાતે શરૂ કરવાની મંજૂરી આપી છે.

- આ ત્રણેય શહેરોની હયાત સરકારી હોસ્પિટલોને મેડિકલ કોલેજ સમકક્ષ બનાવવા અને નવી કોલેજ, હોસ્ટેલ વગેરેના નિર્માણ માટે બજેટમાં રૂ. 125 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

## નવી મેટરનિટી ચાઈલ્ડ હોસ્પિટલ

**એસ.એસ.જી. હોસ્પિટલ, વડોદરા** ખાતે રૂ. 180 કરોડના ખર્ચે 600 પથારીની નવી **મેટરનિટી ચાઈલ્ડ હોસ્પિટલ** બનાવવાની બજેટમાં જાહેરાત કરવામાં આવી છે. જેના માટે આ વર્ષે રૂ. 50 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

## નવી 150 એમ્બ્યુલન્સ

ગુજરાતની લોકપ્રિય 108 એમ્બ્યુલન્સ સેવાને સુદૃઢ કરવા **નવી 150 એમ્બ્યુલન્સ** ખરીદવા રૂ. 27 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

JOIN Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## જિલ્લા કક્ષાની હોસ્પિટલ

જસદણ, ધ્રોળ, દહેગામ, માણાવદર, હાલોલ, સોનગઢ અને ચીખલી સી.એચ.સી.ને જિલ્લા કક્ષાની હોસ્પિટલમાં અપગ્રેડ કરવા રૂ. 21 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

## બેચલર ઈન ઓડીયોલોજી સ્પીચ એન્ડ લેન્ગ્વેજ પેથોલોજી કોર્સ

મેડિકલ કોલેજ, સોલા અમદાવાદ ખાતે બેચલર ઈન ઓડીયોલોજી સ્પીચ એન્ડ લેન્ગ્વેજ પેથોલોજી કોર્સ શરૂ કરવા અને કોકલીયર ઈમ્પ્લાન્ટ સેન્ટરો કાર્યાન્વિત કરવા બજેટમાં રૂ. 2 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

STI PRELIMS
ફ્રી MOCK TEST
OPEN TO ALL
આ ફ્રી પેપર પ્રેક્ટીસમાં દરેક વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે
દરેક પેપરના 200 માર્ક્સ અને 2 કલાક

| | |
|---|---|
| PAPER - 1 (full syllabus) | 08 MAR-20 |
| PAPER - 2 (full syllabus) | 15 MAR-20 |
| PAPER - 3 (full syllabus) | 22 MAR-20 |
| PAPER - 4 (full syllabus) | 29 MAR-20 |
| PAPER - 5 (full syllabus) | 05 APR-20 |
| PAPER - 6 (full syllabus) | 12 APR-20 |



- તાજેતરમાં GPSC CLASS 1/2 બનેલા ઓફિસર દ્વારા તૈયાર કરવામાં આવેલા પેપર
- પેપર અટેન્ડ કરવાની યોગ્ય પદ્ધતિ
- બે ઓપ્શન વચ્ચેની સંભાવનાઓમાં સચોટ જવાબ માટે કેલ્ક્યુલેટિવ રિસ્ક ટેક્નિક અંગે માર્ગદર્શન
- પૂર્ણ સંભાવના ધરાવતા પ્રશ્નોની વિશાળ શૃંખલા
- કન્સેપ્ચ્યુઅલ અને ફેક્ચ્યુઅલ ડેટાનું કોમ્બિનેશન

રાજકોટ 9375701110
અમદાવાદ 84695-01110
ગાંધીનગર 81406-01110
જૂનાગઢ 76985-01110

રજીસ્ટ્રેશન ફરજિયાત
રજીસ્ટ્રેશન માટે સેન્ટરનો સંપર્ક કરો.

ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS

icerajkotofficial | www.iceonline.in | icerajkot

JOIN Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

# મહિલા અને બાળ વિકાસ વિભાગ માટેની વિવિધ યોજનાઓ

## પ્રોજેક્ટ મેનેજમેન્ટ યુનિટ

પોષણ અભિયાન અંતર્ગત રૂ. 55 કરોડના ખર્ચે 53029 આંગણવાડીમાં સ્માર્ટ ફોન અને ગ્રોથ મોનિટરીંગ ડિવાઈસ આપવામાં આવ્યા છે, જેના કારણે 11 જેટલા રજિસ્ટરોના સ્થાને સમગ્ર કામગીરી સ્માર્ટ ફોન વડે ડિજિટલી કરવામાં આવે છે.

- આ કામગીરીના મોનિટરીંગ અને માર્ગદર્શન માટે અંદાજે રૂ. 2 કરોડના ખર્ચે સ્ટેટ મેનેજમેન્ટ સેન્ટરની સ્થાપના કરવામાં આવી છે. જેને વધુ સુદઢ કરવા પ્રોજેક્ટ મેનેજમેન્ટ યુનિટની સ્થાપના કરવામાં આવશે.

## પોષણ ત્રિવેણી પ્રોત્સાહન પુરસ્કાર

પોષણ અભિયાન અંતર્ગત 100% સુપોષિત આંગણવાડીની સિદ્ધિ હાંસલ કરનાર પાયાના કર્મચારીઓને પોષણ ત્રિવેણી પ્રોત્સાહન પુરસ્કાર આપવામાં આવશે. જે અંતર્ગત આંગણવાડી વર્કર અને તેડાગરને અનુક્રમે રૂ. 12,000 અને રૂ. 6,000 તેમજ પોતાના કાર્યક્ષેત્રની તમામ આંગણવાડી સુપોષિત કરનાર પ્રત્યેક આશા વર્કર અને એ.એન.એમ.ને રૂ. 12,000નો પુરસ્કાર આપવામાં આવશે. જે માટે બજેટમાં રૂ. 8 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

## 500 આંગણવાડી કેન્દ્રો

શહેરી વિસ્તારોમાં પ્રતિ આંગણવાડી રૂ. 7 લાખ મુજબ 500 આંગણવાડી કેન્દ્રોના બાંધકામ માટે રૂ. 35 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## રણ આંગણવાડી

સુરેન્દ્રનગર જિલ્લાના 1500 જેટલા અગરિયા કુટુંબો માટે રણ આંગણવાડી ચાલુ કરવામાં આવશે.

## મીની આંગણવાડી

અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ જિલ્લાઓની મધ્યસ્થ જેલોમાં મીની આંગણવાડીઓ શરૂ કરવામાં આવશે.

## દૂધ સંજીવની યોજના

આંગણવાડી અને પ્રાથમિક શાળાના બાળકો, ધાત્રી માતાઓ સહિત અંદાજિત 30 લાખ લાભાર્થીઓને દૂધ સંજીવની યોજના મારફત ફ્લેવર્ડ દૂધ પૂરું પાડવા માટે બજેટમાં કુલ રૂ. 342 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.



# પાણી પુરવઠા વિભાગની યોજનાઓ

## હર ઘર જલ

ગુજરાતના નાગરિકોને શુદ્ધ અને પર્યાપ્ત પીવાનું પાણી પૂરું પાડવા ગુજરાત સરકારે રાજ્ય વ્યાપી પાણી પુરવઠા ગ્રીડ દ્વારા 13,300થી વધુ ગામો અને 203 શહેરી વિસ્તારો જોડવાની કામગીરી પૂર્ણ કરેલ છે.

- ગ્રામીણ વિસ્તારોમાં 78 ટકા ઘરોમાં નળ જોડાણની સિદ્ધિ હાંસલ કરેલ છે.
- જલ જીવન મિશન અંતર્ગત હર ઘર જલના સૂત્ર સાથે વર્ષ 2022 સુધીમાં રાજ્યના બાકી રહેતા 17 લાખ ઘરોમાં નળ જોડાણ દ્વારા પીવાનું પાણી પૂરું પાડવાનું આયોજન કરેલ છે. જે માટે રૂ. 724 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

## જૂથ પાણી પુરવઠા યોજના

સ્વતંત્ર પાણી પુરવઠા યોજનાવાળા ગામોને જૂથ પાણી પુરવઠા યોજના હેઠળ આવરી લેવા આગામી ત્રણ વર્ષ માટે રૂ. 9300 કરોડનું આયોજન કરેલ છે. જેનાથી 4635 ગામોની સવા કરોડ વસતીને લાભ થશે. જેનો લાભ 2200 ગામોના 50 લાખ આદિવાસી નાગરિકોને પણ મળશે.

## સૌરાષ્ટ્ર અને કચ્છ માટે પાણી

સૌરાષ્ટ્ર અને કચ્છ માટે પાણીની ભવિષ્યની જરૂરિયાતને પહોંચી વળવા નાવડા-બોટાદ-ગઢડા-ચાવંડ, બુધેલ-બોરડા, ચાવંડ-ધરાઈ-ભેસાણ અને ચાવંડ-લાઠી બલ્ક પાઈપલાઈનના કુલ રૂ. 1400 કરોડના કામો શરૂ કરવામાં આવશે. જે માટે રૂ. 500 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

## ડિસેલીનેશન પ્લાન્ટ

સૌરાષ્ટ્ર અને કચ્છના દરિયાકાંઠાના છેવાડાના ગામોમાં જળસલામતી પ્રદાન કરવા માટે કચ્છના માંડવી, દ્વારકા, ગીર સોમનાથ, ઘોઘા અને તેની આજુબાજુના વિસ્તારમાં 27 કરોડ લીટર ક્ષમતાના ડિસેલીનેશન પ્લાન્ટ સ્થાપવાની કામગીરી હાથ ધરેલ છે.

- આગામી બે વર્ષ દરમિયાન આ પ્લાન્ટના કેપિટલ ફાળા તરીકે રૂ. 1080 કરોડની ફાળવણી કરવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ગાંધીનગર શહેરમાં 24 કલાક પાણી

ગાંધીનગર શહેરમાં 24 કલાક પાણી વિતરણ કરવા બજેટમાં રૂ. 240 કરોડની યોજનાનું આયોજન કરવામાં આવ્યું છે.



JOIN Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

# સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગની યોજનાઓ

## શિષ્યવૃત્તિ

અનુસૂચિત જાતિના ખાનગી પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતાં ધોરણ 1થી 8ના કુમારો અને ધોરણ 1 થી 5ની કન્યાઓને રૂ. 500 તથા ધોરણ 6 થી 8ની કન્યાઓને રૂ. 750 શિષ્યવૃત્તિ માટે તેમજ આ તમામ વિદ્યાર્થીઓને રૂ. 600 ગણવેશ સહાય આપવાની શરૂઆત કરવામાં આવશે. જે માટે રૂ. 13 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

## ભોજન બિલ

અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના છાત્રાલયમાં રહેતા વિદ્યાર્થીઓને ભોજન બિલ પેટે માસિક રૂ. 1200 સહાય આપવામાં આવે છે. તે વધારી હવે રૂ. 1500 આપવામાં આવશે. જે માટે રૂ. 21 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

## બુટ-મોજા પેટે સહાય

આદર્શ નિવાસી શાળાના અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના વિદ્યાર્થીઓને બુટ-મોજા પેટે આપવામાં આવતી સહાય રૂ. 200માં વધારો કરી હવે રૂ. 400 આપવામાં આવશે.

## વિના મૂલ્યે સાયકલ

ધોરણ 9માં અભ્યાસ કરતી વિકસતી જાતિની અંદાજે 1.60 લાખ કન્યાઓ અને અનુસૂચિત જાતિની 22,500 કન્યાઓને વિના મૂલ્યે સાયકલ આપવા રૂ. 80 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

## સાત ફેરા સમૂહ લગ્ન યોજના

સમૂહ લગ્નોને પ્રોત્સાહન મળે તે માટે સાત ફેરા સમૂહ લગ્ન યોજના અમલમાં છે. આ યોજના હેઠળ અનુસૂચિત જાતિ તથા વિકસતી જાતિની સંસ્થાઓને 25 યુગલની મર્યાદામાં યુગલદીઠ રૂ. 2000 તથા યુગલોને રૂ. 10,000 આપવામાં આવે છે. તેના બદલે હવે સંસ્થાઓને યુગલદીઠ રૂ. 3000 તથા યુગલોને રૂ. 12,000 સહાય આપવામાં આવશે. જે માટે કુલ રૂ. 9 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

## ડૉ. સવિતા આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના

ડૉ. સવિતા આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના અંતર્ગત 1000 યુગલોને સહાય આપવા માટે રૂ. 10 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

## પંડિત દીન દયાળ ઉપાધ્યાય આવાસ

પંડિત દીન દયાળ ઉપાધ્યાય આવાસ યોજના અંતર્ગત વિકસતી જાતિના 16,830 લાભાર્થીઓને તથા ડૉ. આંબેડકર આવાસ યોજના અંતર્ગત અનુસૂચિત જાતિના 2900 લાભાર્થીઓને મકાન બાંધવા પ્રતિ લાભાર્થી રૂ. 1.20 લાખ સુધીની સહાય આપવા રૂ. 142 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

## ડૉ. આંબેડકર ભવન

બોટાદ ખાતે ડૉ. આંબેડકર ભવન બાંધવા રૂ. 2 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### પ્રધાનમંત્રી જન વિકાસ કાર્યક્રમ

લઘુમતી સમુદાયના વિકાસ માટે પ્રધાનમંત્રી જન વિકાસ કાર્યક્રમ અંતર્ગત શિક્ષણ, આરોગ્ય અને કૌશલ્ય વિકાસ માટે લઘુમતી વિસ્તારોમાં માળખાગત સુવિધાઓ ઊભી કરવા રૂ. 50 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

## સમાજ સુરક્ષા અંગેની વિવિધ યોજનાઓ

### વૃદ્ધાશ્રમોની નિભાવ ગ્રાન્ટ

વૃદ્ધાશ્રમોની નિભાવ ગ્રાન્ટ માસિક રૂ. 1500 થી વધારી રૂ. 2160 કરવામાં આવશે.



### નિરાધાર વૃદ્ધ પેન્શન યોજના

નિરાધાર વૃદ્ધ પેન્શન યોજના અંતર્ગત અત્યારે માસિક રૂ. 750ની સહાય આપવામાં આવે છે. જેમાં હવે 75 વર્ષ કે તેથી વધુ વયના નિરાધાર વૃદ્ધોને માસિક રૂ. 1000 પેન્શન આપવામાં આવશે. જે માટે કુલ રૂ. 117 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

883+ ભરતી જાહેર
GPSC
ADVANCE BATCH
CLASS 1/2 • P.I. • S.T.I. • DY.SO • DY.MAM.
RFO • ACCOUNT OFFICER etc...
નવી બેચ શરૂ
સાંજે 6:30 થી 8:30
ફ્રી ટ્રાયલ લેક્ચર
બેઝિકથી ડેપ્થ સુધીની સંપૂર્ણ તૈયારી
પ્રિલિમ્સ અને મેઈન્સની સંયુક્ત તૈયારી
UPSC લેવલ Detail Study Materials
FACTSની સાથે CONCEPT આધારિત તૈયારી
GPSC CLASS 1 / 2ની એક્સપર્ટ ટીમ દ્વારા કોચિંગ
32+ Weekly Test
FREE MEGA MOCK TEST SERIES
પરીક્ષા પાસ કરવાની આક્રમક વ્યૂહરચના
કરંટ અફેર્સના સ્પેશિયલ લેક્ચર
10% DISCOUNT
ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS
ફ્રી રજિસ્ટ્રેશન ફરજિયાત
76985-01110 જૂનાગઢ

## માનસિક દિવ્યાંગતા ધરાવતા વ્યક્તિઓને સહાય

હાલમાં **80 ટકા કે તેથી વધુ માનસિક દિવ્યાંગતા** ધરાવતા વ્યક્તિઓને **માસિક રૂ. 600** સહાય આપવામાં આવે છે. જેમાં વધારો કરીને **રૂ. 1000**ની સહાય આપવામાં આવશે.

## રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના

**રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના** અંતર્ગત **પરિવારના મુખ્ય વ્યક્તિનું** કુદરતી કે આકસ્મિક અવસાન થાય તેવા સંજોગોમાં **રૂ. 20,000** સહાય આપવામાં આવે છે. જેના માટે રૂ. 20 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

## દિવ્યાંગ સાધન સહાય યોજના

**દિવ્યાંગ સાધન સહાય યોજના** હેઠળ દિવ્યાંગ વ્યક્તિને **સ્વરોજગારી માટેના સાધનો** માટે **રૂ. 20,000**ની મર્યાદામાં સહાય આપવા રૂ. 14 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

## ભોજન બિલ પેટે સહાય

**ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ** દ્વારા હાલમાં છાત્રાલયમાં રહેતા જે વિદ્યાર્થીઓને **ભોજન બિલ** પેટે **માસિક રૂ. 1200** સહાય આપવામાં આવે છે તે વધારી હવે **રૂ. 1500** આપવામાં આવશે.

# આદિજાતિ વિકાસ વિભાગ માટેની યોજનાઓ

## અનુદાનિત છાત્રાલયો તથા આશ્રમ શાળાઓમાં ગ્રાન્ટ

**અનુદાનિત છાત્રાલયો** તથા **આશ્રમ શાળાઓ**માં છાત્ર દીઠ **માસિક રૂ. 1500** નિભાવ **ગ્રાન્ટ** આપવામાં આવે છે, જેમાં વધારો કરી હવે **રૂ. 2160** આપવામાં આવશે. જે માટે રૂ. 337 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

## ભોજન બિલ પેટે માસિક સહાય

**અનુસૂચિત જનજાતિ**ના છાત્રાલયમાં રહેતા જે વિદ્યાર્થીઓને **ભોજન બિલ** પેટે **માસિક રૂ. 1200** સહાય આપવામાં આવે છે તે વધારીને હવે **રૂ. 1500** આપવામાં આવશે. જે માટે રૂ. 30 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.



INSTITUTE FOR COMPETITIVE EXAMS

## નવા સરકારી છાત્રાલયો

કડાણા, નિઝર, સોનગઢ, બોડેલી, ગરબાડા અને વિજયનગર ખાતે કુમારો માટે તેમજ કડાણા, ભિલાડ, મોડાસા અને માણેકપોર ખાતે કન્યાઓ માટે નવા સરકારી છાત્રાલયો શરૂ કરવા માટે રૂ. 3 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

## વિદ્યાસાધના યોજના

ધોરણ 9માં અભ્યાસ કરતી અંદાજે 50,000 વિદ્યાર્થીનીઓને વિદ્યાસાધના યોજના હેઠળ સાયકલ આપવા રૂ. 19 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

## બિરસા મુંડા આદિજાતિ યુનિવર્સિટી

રાજપીપળા મુકામે બિરસા મુંડા આદિજાતિ યુનિવર્સિટી માટે રૂ. 20 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

## ટેલેન્ટ પુલ યોજના

ટેલેન્ટ પુલ યોજના અંતર્ગત અંદાજે 1300 જેટલા તેજસ્વી વિદ્યાર્થીઓને સહાય આપવા રૂ. 11 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS




## માનવ ગરિમા યોજના

**માનવ ગરિમા યોજના** હેઠળ અંદાજે 12,000 જેટલા લાભાર્થીઓને **સ્વરોજગારી**નો લાભ આપવા રૂ. 15 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

## વાડી પ્રોજેક્ટ

**આદિજાતિ ખેડૂતો**ની આવકમાં વધારો થાય અને તેમનું જીવન ધોરણ ઊંચું આવે તે માટે **દક્ષિણ ગુજરાતના આદિજાતિ વિસ્તાર**માં વાડી પ્રોજેક્ટ અંતર્ગત ફળાઉ ઝાડના રોપાઓ અને ખાતર પૂરા પાડવામાં આવે છે. હવે **આદિજાતિના તમામ જિલ્લાઓ**માં આ સફળ યોજનાનો વ્યાપ વધારવા કુલ રૂ. 11 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

## છ ટકાના દરે વ્યાજ સહાય

**આદિજાતિ લોકો**ને બેન્ક મારફતે **સ્વરોજગારી યોજના હેઠળ** ધંધા રોજગારના હેતુઓ માટે લીધેલ લોન ઉપર **છ ટકા**ના દરે **વ્યાજ સહાય** આપવા માટે રૂ. 2 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

## મધ કલેક્શન અને પ્રોસેસીંગ સેન્ટર

**આદિજાતિ લાભાર્થીઓ**ને **મધમાખી ઉછેર** માટે પ્રોત્સાહન આપવા **મધ કલેક્શન અને પ્રોસેસીંગ સેન્ટર**ની સ્થાપના માટે સહાય આપવા રૂ. 1 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ માટેની યોજનાઓ

## માદરે વતન યોજના

ગુજરાતીઓ સમગ્ર દેશ અને દુનિયામાં વસે છે. પરંતુ વતનના સંભારણા અને વતન પ્રત્યેનો પ્રેમ તેમના હૃદયમાં સદાય જીવંત હોય છે, વતન માટે કંઈક કરી છૂટવાની તમન્ના હોય છે. આવા ગુજરાતીઓ પોતાના વતનમાં મોટા પ્રમાણમાં દાન આપે છે. **આવા દાતાઓને પ્રોત્સાહન આપવા** અને **ગામડાઓમાં વધુ સારી સગવડો ઊભી કરવાના** ઉમદા આશયથી બજેટમાં નવી **માદરે વતન યોજના**ની જાહેરાત કરવામાં આવી છે.

- આ યોજના હેઠળ ગામમાં શાળા, શાળાના રૂમ, સ્માર્ટ ક્લાસ, આંગણવાડી, સ્મશાન, દવાખાનું, રસ્તા, પીવાના પાણીની ટાંકી, ગામ તળાવ, ગટર વ્યવસ્થા, સામૂહિક શૌચાલય, લાયબ્રેરી, કોમ્યુનિટી હોલ, પંચાયત ઘર વગેરે જેવી સુવિધાઓને વિકસાવવા દાતાશ્રી દ્વારા આપવામાં આવતા **દાનની રકમ જેટલી જ મેચિંગ રકમ રાજ્ય સરકાર** દ્વારા ઉમેરવામાં આવશે. જે માટે બજેટમાં રૂ. 200 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

## મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના

**મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના** નામની નવી યોજનાની બજેટમાં જાહેરાત કરવામાં આવી છે. આ યોજના અંતર્ગત ગ્રામીણ અને શહેરી વિસ્તારની મહિલાઓ, **મહિલા ઉત્કર્ષ જૂથ** બનાવી **રૂ. 1 લાખ સુધી**નું ધિરાણ મેળવે તો **તેનું સંપૂર્ણ વ્યાજ** રાજ્ય સરકાર દ્વારા સીધે સીધું બેન્કોને આપવામાં આવશે.

- આમ **મહિલા ઉત્કર્ષ જૂથ**ને **ઝીરો ટકા દરે** લોન પ્રાપ્ત થશે. જેનાથી મહિલાઓને સ્વ-રોજગાર માટે નવું બળ પ્રાપ્ત થશે. આ યોજના હેઠળ વ્યાજ સહાય આપવા કુલ રૂ. 193 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

## ઘન અને પ્રવાહી કચરાનું વ્યવસ્થાપન

ગામડામાં સ્વચ્છતા જાળવવા માટે ઘન અને પ્રવાહી કચરાનું વ્યવસ્થાપન કરવું ખૂબ જ જરૂરી છે. ઘન કચરાના વ્યવસ્થાપન માટે રાજ્યની 1667 ગ્રામ પંચાયતોને ટ્રાઈસિકલ અને હેન્ડ કાર્ટ જેવા સફાઈના સાધનો પૂરા પાડવામાં આવશે.

- તેવી રીતે પ્રવાહી કચરાના વ્યવસ્થાપન માટે 80 જેટલી ગ્રામ પંચાયતોમાં ગ્રે વૉટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ નાખવામાં આવશે. જે માટે કુલ 61 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

## ઘન કચરો ડોર ટુ ડોર કલેક્શન દ્વારા એકત્ર કરવા સહાય

ગુજરાત સરકારની યોજના અંતર્ગત ઘન કચરો ડોર ટુ ડોર કલેક્શન દ્વારા એકત્ર કરવા માટે હાલ તમામ ગ્રામ પંચાયતોને વ્યક્તિદીઠ માસિક રૂપિયા બે ગ્રાન્ટ આપવામાં આવે છે. તેને બદલે હવે વ્યક્તિદીઠ માસિક રૂપિયા ચાર ગ્રાન્ટ આપવામાં આવશે. જે માટે બજેટમાં રૂ. 88 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

## નવા મંજૂર આવાસની સાથે સાથે બાથરૂમની સુવિધા

ગ્રામીણક્ષેત્રોમાં દરેક કુટુંબને આવાસ પૂરા પાડવામાં રાજ્ય સરકારે ખૂબ જ સારી સફળતા હાંસલ કરેલ છે. આ તમામ આવાસો શૌચાલયની સુવિધા સાથે બન્યા છે. હવે નવા મંજૂર આવાસની સાથે સાથે બાથરૂમની સુવિધા ઊભી કરવા માટે લાભાર્થી ફાળો રૂ. 3000ની સામે રાજ્ય સરકાર દ્વારા રૂ. 5000ની સહાય આપવામાં આવશે. જે માટે રૂ. 50 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## મુખ્યમંત્રી ગ્રામ્ય સ્વનિર્ભર યોજના

ગ્રામીણ વિસ્તારની બહેનો માટે કાયમી રોજગારીનું નિર્માણ થાય તે ઉદ્દેશથી બજેટમાં નવી મુખ્યમંત્રી ગ્રામ્ય સ્વનિર્ભર યોજનાની જાહેરાત કરવામાં આવી છે.

- આ યોજના હેઠળ સ્વ-સહાય જૂથોની બહેનોને અનાજ અને મસાલા દળવાની ઘંટી ખરીદવા માટે સહાય આપવામાં આવશે. જે માટે રૂ. 7 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

## નવા 85 હજાર આવાસો

2022 સુધીમાં સૌને આવાસનો ઉમદા આશય પૂર્ણ કરવા 3 લાખ 11 હજાર આવાસોના લક્ષ્યાંક સામે અત્યાર સુધી 2 લાખ આવાસોનું બાંધકામ પૂર્ણ કરવામાં આવેલ છે.

- આ કાર્યક્રમ અન્વયે નવા 85 હજાર આવાસો બાંધવામાં આવશે. જેના માટે રૂ. 1100 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

## પંચાયતી રાજ તાલીમ કેન્દ્ર

પંચાયતી રાજ તાલીમ કેન્દ્ર, શશીકુંજ, જૂનાગઢ ખાતે નવા મકાન બાંધકામ માટે રૂ. 6 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

JOIN Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની વિવિધ યોજનાઓ

### સ્માર્ટ ટાઉન મિશન

શહેરો વચ્ચે જનલક્ષી સુવિધાઓ વિકસાવવા માટે સ્પર્ધાત્મક વાતાવરણનું નિર્માણ થાય તે માટે સ્માર્ટ ટાઉન મિશન હેઠળ 'અ' અને 'બ' વર્ગની નગરપાલિકાઓમાંથી સ્પર્ધા દ્વારા પસંદ કરેલ પાંચ નગરપાલિકાઓમાં વિકાસના કામો માટે પ્રતિ વર્ષ રૂ. 20 કરોડ લેખે પાંચ વર્ષમાં રૂ. 100 કરોડ ફાળવવામાં આવશે.

### સ્વચ્છ ગુજરાત-પ્લાસ્ટિક મુક્ત ગુજરાત

ગુજરાતનું ધ્યેય સ્વચ્છ ગુજરાત–પ્લાસ્ટિક મુક્ત ગુજરાત બનાવવાનું છે. જેના ભાગરૂપે સ્વચ્છતાની કામગીરી સાથે જોડાયેલ શહેરોમાં ફરીને પ્લાસ્ટિક વીણવાનું કામ કરનાર રેગપિકર્સ શ્રમજીવીઓને સહાય અને અન્ય કામો માટે રૂ. 56 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

### આવાસની ખરીદીમાં સહાય

આર્થિક રીતે પછાત વર્ગના નાગરિકોને શહેરી વિસ્તારોમાં રૂપિયા પંદર લાખની મર્યાદામાં આવાસની ખરીદીમાં રાજ્ય સરકાર તરફથી રૂપિયા એક લાખની સહાય આપવા રૂ. 50 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

### મેટ્રો રેલ પ્રોજેક્ટ

ડાયમંડ સિટી સુરતના મેટ્રો રેલ પ્રોજેક્ટને કેન્દ્ર સરકારની મંજૂરી મળેલ છે. આ પ્રોજેકટની શરૂઆત કરવા માટે તેમજ અમદાવાદ–ગાંધીનગર મેટ્રોની કામગીરી આગળ ધપાવવા માટે રૂ. 106 કરોડની જોગવાઈ.

## શ્રમ અને રોજગાર વિભાગની યોજનાઓ

### સ્ટ્રાઈવ પ્રોજેક્ટ

યુવાનોને રોજગાર માટે તાલીમબદ્ધ કરવા ભારત સરકાર દ્વારા સ્ટ્રાઈવ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવેલ છે. આ પ્રોજેકટમાં રાજ્યની કુલ 30 ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓનો સમાવેશ કરવામાં આવેલ છે. આ પ્રોજકટ માટે રૂ. 33 કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે.

### ગુજરાત સ્કીલ ડેવલપમેન્ટ કોર્પોરેશન

નેશનલ સ્કીલ ડેવલપમેન્ટ કોર્પોરેશનના ધોરણે રાજ્યમાં સ્કીલ ઈકો સિસ્ટમને મજબૂત કરવા ગુજરાત સ્કીલ ડેવલપમેન્ટ કોર્પોરેશનની સ્થાપના માટે રૂ. 30 કરોડનું મૂડી રોકાણ કરવામાં આવશે.

### સિટી બસ મારફતે જવા-આવવા માટે મુસાફરી ખર્ચમાં સહાય

અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટના અંદાજે 1,20,000 બાંધકામ શ્રમિકોને કડિયાનાકા તેમજ કામના સ્થળે સિટી બસ મારફતે જવા–આવવા માટે મુસાફરી ખર્ચમાં સહાય આપવામાં આવશે. જેના કારણે કામદારોને મુસાફરી ખર્ચમાં ઘટાડો થશે અને તેમની આવકમાં વધારો થશે. આ સહાય આપવા માટે બજેટમાં રૂ. 50 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### શ્રમિક અન્નપૂર્ણા યોજના

આ યોજના અંતર્ગત નોંધાયેલ બાંધકામ શ્રમિકોને માત્ર રૂ. 10માં બપોરના ભોજનનો લાભ આપવામાં આવે છે.

- હવે યુ-વીન કાર્ડ ધારકોને પણ આ યોજનાનો લાભ આપવામાં આવશે, જે માટે કુલ રૂ. 35 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

### પ્રસૂતિ સહાય

- બાંધકામ શ્રમિકના પત્ની તેમજ મહિલા બાંધકામ શ્રમિકોને હાલમાં પ્રસૂતિ સહાય પેટે રૂ. 7500ની સહાય આપવામાં આવે છે. તેને ઉદાર બનાવતા હવે મહિલા બાંધકામ શ્રમિકોને સગર્ભા અવસ્થા દરમિયાનના છેલ્લા બે માસ અને પ્રસૂતિ બાદના બે માસ, એમ કુલ ચાર માસ સુધી માસિક રૂ. 5,000ની સહાય આપવામાં આવશે.
- આમ, મહિલા બાંધકામ શ્રમિકોને બે બાળકો સુધી પ્રસૂતિ સહાય પેટે કુલ રૂ. 27,500 આપવામાં આવશે. જે માટે કુલ રૂ. 6 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

### હાઉસિંગ સબસિડી યોજના

બાંધકામ શ્રમિકોને હાઉસિંગ સબસિડી યોજના હેઠળ બેન્કમાંથી લીધેલ લોન ઉપર પાંચ વર્ષ સુધી, પ્રતિ વર્ષ રૂપિયા વીસ હજારની વ્યાજ સહાય આપવામાં આવશે.

## માર્ગ અને મકાન વિભાગની યોજનાઓ

### રસ્તાઓનું રિસરફેસીંગ

સાત વર્ષ કે તેથી વધુ સમય સુધી રીકાર્પેટ ન થયા હોય તેવા બાકી રહેતા 150 તાલુકાના 2499 રસ્તાઓની 11,200 કિલોમીટર લંબાઈના રસ્તાઓનું રિસરફેસીંગ રૂ. 3600 કરોડના ખર્ચે હાથ ધરવામાં આવશે.

- જેમાં 9500 કિલોમીટર લંબાઈના પ્લાન તેમજ નોનપ્લાન ગ્રામ્ય માર્ગોનો પણ સમાવેશ થાય છે, જે માટે રૂ. 1436 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

### પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના

ભારત સરકાર દ્વારા પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાના ત્રીજા તબક્કાની કામગીરી પણ શરૂ થનાર છે. જેમાં રાજ્યના 3000 કિલોમીટરના ગ્રામ્ય માર્ગોને પહોળા કરવાની કામગીરી રૂ. 1800 કરોડની અંદાજિત કિંમતે હાથ ધરવાનું આયોજન છે.

- જે અંગર્ગત વિવિધ કામો માટે રાજ્યના ફાળા તરીકે પ્રારંભિક રૂ. 100 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

## બંદરો અને વાહન વ્યવહાર વિભાગની યોજનાઓ

### 895 નવી બસો

જાહેર પરિવહનને વધુ સુગમ અને સુલભ બનાવવા 895 નવી બસો સેવામાં મૂકવામાં આવનાર છે.

- આ બસો બી.એસ. 6 આધારિત હોઈ વાતાવરણને પ્રદૂષણમુકત અને સ્વચ્છ રાખવામાં મદદ મળશે. જે માટે કુલ રૂ. 240 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

JOIN Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

### અલંગ શીપ રિસાયકલિંગ યાર્ડ

અલંગ શીપ રિસાયકલિંગ યાર્ડનું આધુનિકીકરણ કરવાનું ગુજરાત સરકારનું આયોજન છે, જે માટે અંદાજિત રૂ. 715 કરોડ ખર્ચ થશે.

- આ પ્રોજેક્ટ અંતર્ગત હાલનાં 70 શિપ રિસાયકલિંગ પ્લોટ અપગ્રેડ થશે અને 15 નવા પ્લોટ બનાવવામાં આવશે. જેનાથી મોટા પ્રમાણમાં રોજગારીનું નિર્માણ થશે.

## ઊર્જા અને પેટ્રો કેમિકલ્સ અંગેની યોજનાઓ

### દિનકર યોજના

ગુજરાતના ખેડૂતોને દિવસ દરમિયાન વીજ પુરવઠો પૂરો પાડવાના ભાગરૂપે નવી દિનકર યોજનાની બજેટમાં જાહેરાત કરવામાં આવી છે. આ યોજનામાં આગામી ત્રણ વર્ષમાં ટ્રાન્સમિશન નેટવર્કને સુદૃઢ કરવા તેમજ નવા સબ સ્ટેશનો સ્થાપવા રૂ. 3500 કરોડનું આયોજન છે. જે માટે રૂ. 500 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

### એક લાખ કૃષિ વિષયક વીજ જોડાણો

- આશરે એક લાખ કૃષિ વિષયક વીજ જોડાણો આપવા માટે બજેટમાં રૂ. 1498 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

### વોટર વર્ક્સને વિનામૂલ્યે વીજળી

- તમામ ગ્રામ પંચાયતોના વોટર વર્ક્સને વિનામૂલ્યે વીજળી પૂરી પાડવા માટે રૂ. 765 કરોડની સબસિડીની જોગવાઈ કરવામાં આવી છે.

### પ્રધાનમંત્રી કુસુમ યોજના

- પ્રધાનમંત્રી કુસુમ યોજના અંતર્ગત 18,500 ગ્રીડ કનેક્ટેડ પંપને સોલારાઈઝ કરવા તથા સ્ટેન્ડ એલોન–ઓફ ગ્રીડ સોલાર પાવર એગ્રીકલ્ચર પંપ માટે કુલ રૂ. 125 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ક્લાઈમેટ ચેન્જ વિભાગની યોજનાઓ

ક્લાઈમેટ ચેન્જના આવનારા પડકારોને પહોંચી વળવા વિવિધ વિભાગો જેવા કે શહેરી વિકાસ વિભાગ હેઠળ રૂ. 1522 કરોડ, પંચાયત વિભાગ હેઠળ રૂ. 998 કરોડ, ઊર્જા વિભાગ હેઠળ રૂ. 692 કરોડ, વન અને પર્યાવરણ વિભાગ હેઠળ રૂ. 628 કરોડ અને અન્ય વિભાગો હેઠળ મળીને ગ્રીન બજેટ અંતર્ગત કુલ રૂ. 5922 કરોડની માતબર જોગવાઈ કરવામાં આવી છે.

### સૌર ઊર્જા આધારિત હોટ વોટર સિસ્ટમ

સરકારી અને એકલવ્ય શાળાઓની હોસ્ટેલો, સરકારી વિશ્રામ ગૃહો તથા યાત્રાધામોમાં સૌર ઊર્જા આધારિત હોટ વોટર સિસ્ટમ નાખવામાં આવશે.

### 800 નંગ ઈ-રીક્ષા

800 નંગ ઈ-રીક્ષા માટે પ્રતિ રીક્ષા રૂ. 40,000ની સહાય આપવામાં આવશે.

### 1000 નંગ બેટરી ઓપરેટેડ દ્વિચક્રી વાહનો

1000 નંગ બેટરી ઓપરેટેડ વાહનો માટે પ્રતિ વાહન દીઠ રૂ. 10,000ની સહાય આપવામાં આવશે.

### સોલાર સંચાલિત મિનિ ટ્રેક્ટર

ખેડૂતોને સોલાર સંચાલિત મિનિ ટ્રેક્ટર ખરીદવા તથા શહેરોમાં ઈલેક્ટ્રીક વાહનો માટે ચાર્જિંગ પોઈન્ટ ઊભાં કરવા સહાય આપવામાં આવશે.

## ઉદ્યોગ અને ખાણ વિભાગની યોજનાઓ

### એનવાયરમેન્ટ સ્ટડી રિપોર્ટ

રાજ્યમાં ખાણ કામ માટે એનવાયરમેન્ટ કલીયરન્સ પ્રમાણપત્ર મેળવવું જરૂરી છે. આ પ્રમાણપત્ર ઝડપથી અને સરળતાથી મેળવવા સરકાર દ્વારા એનવાયરમેન્ટ સ્ટડી રિપોર્ટ તૈયાર કરવા રૂ. 20 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

### ખનીજ નીતિ

ખનીજ ક્ષેત્રે પ્રોડકશન અને મેન્યુફેકચરમાં ફાળો વધારવા ગુજરાત ગ્રેનાઈટ, બ્લેકટ્રેપ, બેન્ટોનાઈટ, ચાઈનાકલે ખનીજ નીતિ માટે રૂ. 6 કરોડની જોગવાઈ.

- અંબાજી અને ધ્રાંગધ્રા ખાતેના સ્ટોન આર્ટીઝન પાર્કના વિકાસ માટે રૂ. 10 કરોડની જોગવાઈ.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

### વાજપાઈ બેન્કેબલ યોજના

આ યોજના અન્વયે ઉદ્યોગ, સેવા અને વેપાર એમ ત્રણ ક્ષેત્રમાં રૂ. 8 લાખ સુધી ધિરાણ આપવામાં આવે છે. અંદાજે 37,000 લાભાર્થીઓને ધિરાણ સહાય આપવા રૂ. 411 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

- માનવ કલ્યાણ યોજના અન્વયે નાના ધંધા રોજગાર કરતા સમાજના નબળા વર્ગના લોકોને સહાયભૂત થવા, તેમના ધંધાને અનુરૂપ સાધન-ઓજાર સ્વરૂપે સહાય આપવામાં આવે છે. આશરે 28,000 જેટલા લાભાર્થીઓને આ યોજના હેઠળ આવરી લેવા કુલ રૂ. 48 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

## પ્રવાસન વિભાગની યોજનાઓ

### આંબરડી લાયન સફારી પાર્ક

ગીરમાં સિંહ દર્શન માટે આવતા પ્રવાસીઓની સંખ્યાને ધ્યાને લઈ અમરેલી ખાતે આંબરડી લાયન સફારી પાર્કના અદ્યતન વિકાસ માટે રૂ. 5 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

### શુકલ તીર્થ, કબીરવડ, મંગલેશ્વર અને અંગારેશ્વરનો મેગા સર્કિટ તરીકે વિકાસ

શુકલ તીર્થ, કબીરવડ, મંગલેશ્વર અને અંગારેશ્વરનો મેગા સર્કિટ તરીકે વિકાસ કરવા ભારત સરકાર તરફથી રૂ. 23 કરોડ ફાળવવામાં આવેલ છે. જેમાં રાજ્ય સરકાર દ્વારા રૂ. 5 કરોડ ઉમેરીને આ સ્થળોનો વિકાસ કરવામાં આવશે.

JOIN Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## પોલો ફોરેસ્ટ

**સાબરકાંઠા** જિલ્લાના **પોલો ફોરેસ્ટ** ખાતે પ્રવાસી સુવિધાઓનો વિકાસ કરવા માટે રૂ. 5 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

## કાળીયાર અભયારણ્ય

**વેળાવદર** ખાતે **કાળીયાર અભયારણ્ય**નો વિકાસ કરવા માટે રૂ. 3 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

## 4500 જેટલા સ્થાનિક યુવાનોને તાલીમ

**પ્રવાસન અને આતિથ્ય ક્ષેત્રે** વધુમાં વધુ રોજગારની તકો ઉપલબ્ધ કરાવવા **4500** જેટલા સ્થાનિક યુવાનોને વિવિધ અભ્યાસક્રમોમાં તાલીમ આપવા રૂ. 20 કરોડની જોગવાઈ કરવામાં આવી છે

# પવિત્ર યાત્રાધામ

## ત્રિવેણી સંગમ

**સુરત** જિલ્લાના **મહુવા** તાલુકાના આદિવાસીઓના આસ્થાના ધામ **અનાવલ, કાવેરો-કાવેરી અને ગુપ્ત સરસ્વતી નદી**ના **ત્રિવેણી સંગમ** ખાતે વિવિધ સુવિધાઓ રૂ. 10 કરોડના ખર્ચે વિકસાવવામાં આવશે.

## કૃષ્ણલીલા તાદૃશ કરતું મ્યુઝિયમ

**બેટ દ્વારકા**માં **કૃષ્ણલીલા તાદૃશ કરતું મ્યુઝિયમ** બનાવવા અને યાત્રાળુઓ માટે પ્રાથમિક સુવિધાઓ વિકસાવવાનું આયોજન છે.

## એક જ દિવસમાં મુલાકાત

**સોમનાથ અને દ્વારકા**ની **એક જ દિવસમાં મુલાકાત લઈ શકાય** તે માટે વિમાન સેવા શરૂ કરવા રૂ. 1 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

## ઉડાન યોજના

ઉડાન યોજના અંતર્ગત **પોરબંદર, મુન્દ્રા, ભાવનગર અને જામનગર** જેવા વિસ્તારોને **એર કનેક્ટીવીટી**થી તથા **કેવડીયા, સાબરમતી અને શેત્રુંજયને વૉટરડ્રોમ**થી જોડવા માટે કુલ રૂ. 45 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

## એરપોર્ટ ડેવલપમેન્ટ

**રાજપીપળા, અમરેલી, કેશોદ અને મહેસાણા** ખાતે **એરપોર્ટ ડેવલપમેન્ટ** માટે રૂ. 25 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# વન અને પર્યાવરણ વિભાગની યોજનાઓ

## 40 નવા ગોડાઉન

**ઘાસ સંગ્રહ**ની ક્ષમતા વધારવા **40 નવા ગોડાઉન** બાંધવા માટે રૂ. 24 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

## ઘાસના મેદાનો

**કચ્છ જિલ્લા**માં **ઘાસના મેદાનો** વિકસિત કરી પશુપાલકોને સહાયભૂત થવા રૂ. 15 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

## સર્પ સંશોધન કેન્દ્ર

ધરમપુર ખાતે સર્પ સંશોધન કેન્દ્ર, વેળાવદર નજીક ખડમોર પક્ષી સંવર્ધન કેન્દ્ર, દીપડાઓને રેડિયો કોલર લગાવવા, આદિવાસી વિસ્તારના ડ્રેગન ફ્રૂટ ઉછેર અને પ્રોસેસીંગ માટે કુલ રૂ. 10 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

## વિના મૂલ્યે રોપા

વન અધિકાર કાયદા હેઠળના લાભાર્થીઓને ફાળવેલ જમીનમાં આંબા, કાજુ અને માનવેલ બામ્બુના રોપા વિના મૂલ્યે આપવા રૂ. 1 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

# ગૃહ વિભાગની યોજનાઓ

## વિવિધ સંવર્ગની 11 હજાર નવી જગ્યાઓ

રાજ્યની કાયદો વ્યવસ્થાની સ્થિતિને વધુ મજબૂત કરવા વિવિધ સંવર્ગની 11 હજાર નવી જગ્યાઓ ઊભી કરવામાં આવશે. જેથી યુવાઓને રોજગારીની સાથે સાથે રાજ્ય પોલીસ સેવામાં કામ કરવાની તક મળશે.

## હોમગાર્ડ્ઝ જવાનો

જરૂરિયાતના સમયે કાયદો અને વ્યવસ્થા જાળવવા ઉપયોગી થતા હોમગાર્ડ્ઝ જવાનોના હાલના 45,280ના સંખ્યાબળમાં 4,528નો વધારો કરી કુલ સંખ્યાબળ 49,808નું કરવાનું આયોજન છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વિશ્વાસ પ્રોજેક્ટ

રાજ્યની જનતાની સુરક્ષા અને સલામતી માટે વિશ્વાસ પ્રોજેક્ટ અંતર્ગત સીસીટીવી કેમેરા લગાવવા રૂ. 111 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

## સેફ સિટી પ્રોજેક્ટ

મહિલાઓની સુરક્ષા અને સલામતી માટે સેફ સિટી પ્રોજેક્ટ અંતર્ગત નિર્ભયા ફંડ માટે રૂ. 63 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

## નવી પોલીસ કમિશનર કચેરી

રાજ્યના પાટનગર ગાંધીનગરની સુરક્ષા વ્યવસ્થા સુદઢ કરવા નવી પોલીસ કમિશનર કચેરીની રચના કરવામાં આવશે.

# અન્ન અને નાગરિક પુરવઠા વિભાગની યોજનાઓ

## 12 કિલોગ્રામ તુવેરદાળ

ગરીબ અને મધ્યમ વર્ગના નાગરિકોને પ્રોટીનસભર આહાર મળી રહે તે માટે આ વર્ષે ગુજરાત સરકારે જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ આવતા અનાજમાં ઉમેરો કરી પહેલીવાર તુવેરદાળનું પણ વિતરણ કરવાનું નક્કી કરેલ છે. જે અંતર્ગત આશરે 66 લાખ લાભાર્થીઓને, લાભાર્થી દીઠ વાર્ષિક 12 કિલોગ્રામ તુવેરદાળનું રાહતદરે વિતરણ કરવામાં આવશે. જે માટે રૂ. 287 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

JOIN Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## મહેસૂલ વિભાગની યોજનાઓ

### ડી.જી.પી.એસ. મશીનો

ખેતીની જમીનની માપણી આધુનિક પદ્ધતિથી સચોટ થાય તે માટે વધુ 108 તાલુકામાં નવા ડી.જી.પી.એસ. મશીનો વસાવવા રૂ. 27 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

### ઈલેક્ટ્રોનિક ટોટલ સ્ટેશન મશીન

શહેરી તેમજ નગરપાલિકાના વિસ્તારોમાં નાના ક્ષેત્રવાળા પ્લોટ, ખેતીની જમીન કે મિલ્કતની માપણી આધુનિક પદ્ધતિથી કરવા માટે 150 ઈલેક્ટ્રોનિક ટોટલ સ્ટેશન મશીન ખરીદવા રૂ. 13 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

### નવા મહેસૂલી ભવન

મહેસાણા અને આણંદ જિલ્લાઓમાં વધતી જતી મહેસૂલી કામગીરીના ભારણને ધ્યાને લેતાં નવા મહેસૂલી ભવનના બાંધકામ માટે રૂ. 10 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

## વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગની યોજનાઓ

### અદ્યતન લેબોરેટરી

બાયોટેકનોલોજી ક્ષેત્રે ચાલતા સંશોધનથી ઉદ્યોગ, પર્યાવરણ, મરીન અને જીનોમિક્સ જેવા ક્ષેત્રોને લાભ મળે તે હેતુથી રૂ. 7 કરોડની અદ્યતન લેબોરેટરીનું નિર્માણ કરવાનું આયોજન છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગની યોજનાઓ

### જિલ્લા કક્ષાની સ્પોર્ટ્સ સ્કૂલ

ખેલકૂદ ક્ષેત્રે ઉભરતી પ્રતિભાઓને શિક્ષણ સાથે ખેલકૂદની સઘન તાલીમ આપવા બનાવવામાં આવેલ જિલ્લા કક્ષાની સ્પોર્ટ્સ સ્કૂલ માટે રૂ. 72 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

### સ્પોર્ટ્સ મ્યુઝિયમ

ગ્રામ્ય વિસ્તારમાં રમત ગમતના વિકાસ માટે માળખાકીય સુવિધાઓ વિકસાવવા, રમત પ્રત્યે અભિરુચિ વધારવા તેમજ જામનગર ખાતે સ્પોર્ટ્સ મ્યુઝિયમ બનાવવા માટે બજેટમાં રૂ. 5 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

### તાનારીરી પર્ફોર્મિંગ આર્ટ કોલેજ

નૃત્ય, સંગીત, નાટકના અભ્યાસ અને સંશોધનને ઉત્તેજન પૂરું પાડવા વડનગર ખાતે તાનારીરી પર્ફોર્મિંગ આર્ટ કોલેજની સ્થાપના કરવા રૂ. 1 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

## માહિતી અને પ્રસારણ વિભાગની યોજના

માન્યતા ધરાવતા પત્રકારોને અકસ્માતે અવસાનના કેસમાં રૂપિયા પાંચ લાખ અને કુદરતી અવસાનના કેસમાં રૂપિયા પચાસ હજારનું વીમા કવચ આપવામાં આવે છે. હવે, કુદરતી અવસાનના કિસ્સામાં રૂપિયા એક લાખનું વીમા કવચ પૂરું પાડવામાં આવશે.

## કાયદા વિભાગની યોજનાઓ

- બાર કાઉન્સિલ ઓફ ગુજરાતને વકીલોના વેલ્ફેર માટે અનુદાન આપવા રૂ. 5 કરોડની જોગવાઈ કરવામાં આવી

## સામાન્ય વહીવટ વિભાગની યોજના

### ગુજરાતને જાણો

નવી ગુજરાતને જાણો યોજના અંતર્ગત વિદેશમાં વસતા ગુજરાતી યુવાનો રાજ્યની મુલાકાતે આવતા રહે તે માટે અલગ અલગ પ્રવૃતિઓ હાથ ધરવામાં આવશે. જેનાથી તેઓ આપણી માતૃભાષા, સંસ્કૃતિ અને ભવ્ય વારસાના પરિચયમાં રહે.

## બજેટમાં ટેક્સમાં પરિવર્તન

ગુજરાત સરકારના વર્ષ 2020-21ના અંદાજપત્રમાં વીજકરના દરોમાં નીચે પ્રમાણેનો ઘટાડો કરવામાં આવ્યો છે.

1. ગુજરાતમાં અગાઉ કોલ્ડ સ્ટોરેજ ઉપરનો વીજકર 20 ટકા હતો. જે 20 ટકાથી ઘટાડીને હવે 10 ટકા કરવાની દરખાસ્ત છે.
2. ગુજરાતના જુદા જુદા ધર્મોના તમામ ધાર્મિક સ્થળો પર હાલ વીજ વપરાશ પર 25 ટકાના દરે વીજકર વસૂલવામાં આવે છે. જે ઘટાડીને હવે ગ્રામ્ય વિસ્તારોમાં 7.5 ટકા અને શહેરી વિસ્તારોમાં 15 ટકા કરવાની બજેટમાં દરખાસ્ત છે.
3. ગુજરાતની વિવિધ ધર્મશાળાઓમાં હાલ વીજ વપરાશ પર 25 ટકાના દરે વીજકર લાગુ થાય છે. જે ઘટાડીને હવે H.T. વીજ જોડાણ ધરાવતી ધર્મશાળાઓને 15 ટકા તથા L.T. વીજ જોડાણ ધરાવતી ધર્મશાળાઓને 10 ટકા વીજકર લાગુ કરવાની દરખાસ્ત છે.
4. ગુજરાતમાં વેપારી અને વાણિજ્યિક વર્ગ સહિત રેસિડ્યુઅરી કેટેગરીના લાખો દુકાનદારો પર અને વિવિધ વ્યવસાયકારોની ઓફિસો પર વીજ વપરાશ ઉપર અત્યારે 25 ટકા વીજકર લાગુ થાય છે. આવા દુકાનદારો/વેપારીઓ/કારીગરો/વ્યવસાયની ઓફિસો ધરાવનારને રાહત આપવા માટે 25 ટકાના અત્યારના વીજકરમાં ઘટાડો કરી 20 ટકા કરવાની દરખાસ્ત છે.

**નોંધ :** વીજકરમાં ઉપરોક્ત ઘટાડાને કારણે ગુજરાતની વેરાકીય આવકમાં વાર્ષિક રૂ. 320 કરોડનો ઘટાડો થવાનો અંદાજ છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ગુજરાત સરકારના વર્ષ 2020-21ના અંદાજપત્રમાં જાહેર કરવામાં આવેલ ગુજરાત સરકારની વ્યક્તિલક્ષી યોજનાઓ

| ક્રમ | લાભાર્થી | લાભ |
|---|---|---|
| 1. | ખેડૂત | મુખ્યમંત્રી પાક સંગ્રહ યોજના હેઠળ ખેતરમાં નાના ગોડાઉન બનાવવા માટે એકમ દીઠ રૂ. 30,000 સહાય અને ગોડાઉનના બાંધકામ માટે એન.એ.ની મંજૂરીથી મુક્તિ |
| 2. | ખેડૂત | ગાય આધારિત પ્રાકૃતિક ખેતી તરફ વળે તે માટે ખેડૂતને એક ગાય દીઠ નિભાવ ખર્ચ માસિક રૂ. 900 એટલે કે વાર્ષિક રૂ. 10,800 સહાય. |
| 3. | ખેડૂત | કિસાન પરિવહન યોજના દ્વારા ખેડૂતોને હળવા ભારવાહક વાહનની ખરીદી માટે રૂ. 50 હજારથી રૂ. 75 હજાર સહાય. |
| 4. | ખેડૂત | ખેડૂતોને તેમના ખેત ઉત્પાદનો રેલવે સ્ટેશને કે એરપોર્ટ સુધી પહોંચાડવા માટે સહાય |
| 5. | ખેડૂત | ખેતી માટે દિવસ દરમિયાન વીજ પુરવઠો પૂરો પાડવા નવી દિનકર યોજના |
| 6. | ખેડૂત | બાગાયતી પાકના મૂલ્ય વર્ધન માટે કૌશલ્ય વર્ધન અંગેની તાલીમ |
| 7. | ખેડૂત | ખેતપેદાશોના રક્ષણ માટે બજાર સમિતિઓને ગોડાઉન બનાવવા માટે સહાય. |
| 8. | પશુપાલક | મુખ્યમંત્રી પશુદાણ સહાય યોજના હેઠળ પશુપાલકને તેમને એક ગાય કે ભેંસ દીઠ, એક પશુના વિયાણ દરમિયાન એક માસ માટે કુલ 150 કિલોગ્રામ પશુદાણની ખરીદ પર 50 ટકા રકમની સહાય |
| 9. | લારીવાળા અને નાના વ્યવસાયકાર | ગરમી, ઠંડી અને વરસાદથી રક્ષણ આપવા માટે તથા તેમની લારીઓમાં રાખવામાં આવતાં ફળફળાદી, શાકભાજી બગડી ન જાય તે માટે મોટી સાઈઝની છત્રી. |
| 10. | નાના માછીમાર સહાય | નાના માછીમારોને એન્જિન ખરીદીમાં સહાય આપવાની નવી યોજના. જે અંતર્ગત દરિયાઈ ફીશીંગ બોટ, 2 સ્ટ્રોક, 4 સ્ટ્રોક આઈબીએમ અને ઓબીએમ એન્જીન ખરીદવા સહાય. |
| 11. | નાના માછીમાર સહાય | બોટ પર સેફ્ટી સાધનો વસાવવા માટે સાધન સહાય |
| 12. | ખાંડ મંડળીના સભાસદ | નબળી કે બંધ ખાંડ સહકારી મીલોનું સદ્ધર સુગર મીલોના જોડાણ માટે સહાય |
| 13. | ખાંડ સહકારી મંડળી | સોફ્ટ લોન સામે ભરવાપાત્ર થતા વ્યાજના 7% અથવા ખરેખર ચૂકવવામાં આવનાર વ્યાજ આ બે માંથી જે ઓછું હોય, તેટલી રકમની વ્યાજ સહાય વધુમાં વધુ ચાર વર્ષ સુધી |
| 14. | ખેડૂત જૂથના સભ્ય | જે ખેડૂત જૂથો હયાત કેનાલનાં માળખામાંથી પાણી મેળવી, માઈક્રો ઈરીગેશન સિસ્ટમ મારફતે સિંચાઈ કરશે તે ખેડૂત જૂથોને પ્રવર્તમાન પીયાવાના દરમાં 50 ટકા રાહત. |
| 15. | શહેરી વિસ્તારના નાગરિક | શહેરી વિસ્તારના નાગરિકોને ઝડપી સારવાર મળી રહે, સગર્ભા મહિલાઓની નિયમિત આરોગ્ય તપાસ થાય, જરૂરી માર્ગદર્શન અપાય, સમયસર જરૂરી પોષક આહાર અપાય, બાળકોનું સંપૂર્ણ રસીકરણ થાય અને ઈન્દ્રધનુષ કાર્યક્રમનો 100 ટકા અમલ થાય તે માટે શહેરી વિસ્તારમાં અર્બન હેલ્થ સેન્ટરોનો વ્યાપ વધારવા 10,000ની વસતીએ એક અર્બન હેલ્થ સેન્ટરની રચના. |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

| ક્રમ | લાભાર્થી | લાભ |
|---|---|---|
| 16. | અગરીયા કુટુંબના બાળક | સુરેન્દ્રનગર જિલ્લાના 1500 જેટલા અગરિયા કુટુંબો માટે રણ આંગણવાડી |
| 17. | અનુસૂચિત જાતિના વિદ્યાર્થી | અનુસૂચિત જાતિના ખાનગી પ્રાથમિ શાળામાં અભ્યાસ કરતાં ધોરણ 1 થી 8ના કુમારો અને ધોરણ 1 થી 5ની કન્યાઓને રૂ. 500 તથા ધોરણ 6 થી 8ની કન્યાઓને રૂ. 750 શિષ્યવૃત્તિ માટે તેમજ આ તમામને રૂ. 600 ગણવેશ સહાય. |
| 18. | અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના વિદ્યાર્થી | અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના વિદ્યાર્થીઓને બુટ–મોજા પેટે રૂ. 200માં બમણો વધારો કરી રૂ. 400ની સહાય. |
| 19. | અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના યુગલ | સમૂહ લગ્નોને પ્રોત્સાહન મળે તે માટે સાત ફેરા સમૂહ લગ્ન યોજના અમલમાં છે. આ યોજના હેઠળ અનુસૂચિત જાતિ તથા વિકસતિ જાતિની સંસ્થાઓને 25 યુગલની મર્યાદામાં યુગલદીઠ રૂ. 2000 તથા યુગલોને રૂ. 10,000 આપવામાં આવે છે. તેના બદલે હવે સંસ્થાઓને યુગલદીઠ રૂ. 3000 તથા યુગલોને રૂ. 12,000 સહાય. |
| 20. | નિરાધાર વૃદ્ધ | નિરાધાર વૃદ્ધ પેન્શન યોજના અંતર્ગત માસિક સહાય જેમાં 75 વર્ષ કે તેથી વધુ વયના નિરાધાર વૃદ્ધોને માસિક રૂ. 1000 પેન્શન. |
| 21. | વૃદ્ધાશ્રમવાસી | વૃદ્ધાશ્રમોમાં માસિક નિભાવ ગ્રાન્ટ રૂ. 1500 આપવામાં આવે છે, તેમાં વધારો કરી હવે રૂ. 2160ની સહાય |
| 22. | માનસિક દિવ્યાંગતા ધરાવતા વ્યકિત | 80 ટકા કે તેથી વધુ માનસિક દિવ્યાંગતા ધરાવતા વ્યકિતઓને માસિક રૂ. 600 સહાય આપવામાં આવે છે. જેમાં વધારો કરી રૂ. 1000ની સહાય. |
| 23. | છાત્રાલયમાં રહીને અભ્યાસ કરતા અનુસૂચિત જાતિ અને વિકસિત જાતિના વિદ્યાર્થીઓ | ભોજન બિલ પેટે માસિક રૂ. 1200 સહાય આપવામાં આવે છે, તેમાં વધારો કરી હવે રૂ. 1500ની સહાય. |
| 24. | છાત્રાલયમાં રહીને અભ્યાસ કરતા અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ | ભોજન બિલ પેટે માસિક રૂ. 1200 સહાય આપવામાં આવે છે, તેમાં વધારો કરી હવે રૂ. 1500ની સહાય. |
| 25. | છાત્રાલયમાં રહીને અભ્યાસ કરતા બિન અનામત વર્ગના વિદ્યાર્થીઓ | ભોજન બિલ પેટે માસિક રૂ. 1200 સહાય આપવામાં આવે છે, તેમાં વધારો કરી હવે રૂ. 1500ની સહાય. |
| 26. | અનુદાનિત છાત્રાલયો તથા આશ્રમ શાળાઓના અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ | અનુદાનિત છાત્રાલયો તથા આશ્રમ શાળાઓની નિભાવ ગ્રાન્ટમાં છાત્ર દીઠ માસિક રૂ. 1500 નિભાવ ગ્રાન્ટ આપવામાં આવે છે, તેમાં વધારો કરી હવે રૂ. 2160ની સહાય. |
| 27. | આદિજાતિના ઉદ્યમી | આદિજાતિ લોકોને બેન્ક મારફતે સ્વરોજગારી યોજના હેઠળ ધંધા રોજગારના હેતુઓ માટે લીધેલ લોન પર છ ટકાના દરે વ્યાજ સહાયની જોગવાઈ. |
| 28. | મહિલા ઉત્કર્ષ જૂથ સભ્ય | મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના નામની નવી યોજના અંતર્ગત મહિલા ઉત્કર્ષ જૂથને ઝીરો ટકા દરે રૂ. એક લાખ સુધીની લોન |
| 29. | ગ્રામીણ વિસ્તારની બહેનો | ગ્રામીણ વિસ્તારની બહેનો માટે મુખ્યમંત્રી સ્વનિર્ભર યોજના હેઠળ સ્વ–સહાય જૂથોની બહેનોને અનાજ અને મસાલા દળવાની ઘંટી ખરીદવા સહાય. |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

| ક્રમ. | લાભાર્થી | લાભ |
|---|---|---|
| 30. | ગ્રામીણ કુટુંબ | ગ્રામીણક્ષેત્રોમાં દરેક કુટુંબને નવા મંજૂર આવાસની સાથે સાથે બાથરૂમની સુવિધા ઊભી કરવા માટે લાભાર્થી ફાળો રૂ. 3000ની સામે રાજ્ય સરકાર દ્વારા રૂ. 5000ની સહાય. |
| 31. | શ્રમજીવી | સ્વચ્છતાની કામગીરી સાથે જોડાયેલ રેગપિકર્સ શ્રમજીવીઓને સહાય |
| 32. | આર્થિક રીતે પછાત વર્ગના નાગરિક | આર્થિક રીતે પછાત વર્ગના નાગરિકોને શહેરી વિસ્તારોમાં આવાસની ખરીદીમાં રૂપિયા એક લાખની સહાય. |
| 33. | બાંધકામ શ્રમિક | અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટના બાંધકામ શ્રમિકોને કડિયાનાકા તેમજ કામના સ્થળે સિટી બસ મારફતે જવા–આવવા માટે મુસાફરી ખર્ચમાં સહાય. |
| 34. | બાંધકામ શ્રમિક | શ્રમિક અન્નપૂર્ણા યોજના અંતર્ગત યુ–વીન કાર્ડ ધારકોને રૂ. દસના રાહત દરે ભોજન. |
| 35. | મહિલા બાંધકામ શ્રમિક | બાંધકામ શ્રમિકના પત્ની તેમજ મહિલા બાંધકામ શ્રમિકોને હાલમાં પ્રસૂતિ સહાય પેટે રૂ. 7500ની સહાય આપવામાં આવે છે. હવે મહિલા બાંધકામ શ્રમિકોને સગર્ભા અવસ્થા દરમિયાન છેલ્લા બે માસ અને પ્રસૂતિ બાદના બે માસ, એમ કુલ ચાર માસ સુધી માસિક રૂ. 5000ની સહાય. |
| 36. | વન અધિકાર કાયદા હેઠળના લાભાર્થી | વનઅધિકાર કાયદા હેઠળના લાભાર્થીઓને ફાળવેલ જમીનમાં આંબા, કાજુ અને માનવેલ બામ્બુના રોપા વિનામૂલ્યે આપવાઢ ની યોજના. |
| 37. | રોજગાર વાચ્છુંક યુવાનો | રાજ્યની કાયદો વ્યવસ્થાની સ્થિતિને વધુ મજબૂત કરવા વિવિધ સંવર્ગની 11 હજાર નવી જગ્યાઓ. |
| 38. | રોજગાર વાચ્છુંક યુવાનો | કાયદો અને વ્યવસ્થા જાળવવા ઉપયોગી થતા હોમગાર્ડઝ જવાનોના સંખ્યાબળમાં વધારો. |
| 39. | જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળના રાશનકાર્ડ ધારકો | ગરીબ અને મધ્યમવર્ગના નાગરિકોને જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ અપાતા અનાજમાં ઉમેરો કરી પહેલીવાર તુવેરદાળનું પણ રાહત દરે વિતરણ. |
| 40. | પત્રકારશ્રી | માન્યતા ધરાવતા પત્રકારોને કુદરતી અવસાનના કિસ્સામાં હવે રૂપિયા એક લાખનું વીમા કવચ. |
| 41. | ધારાશાસ્ત્રીશ્રી | બાર કાઉન્સિલ ઓફ ગુજરાતને વકીલોના વેલ્ફેર માટે અનુદાન |
| 42. | વિદેશમાં વસતા ગુજરાતી (એન.આર.જી. ) યુવાનો | ગુજરાતને જાણો નામની નવી યોજના અંતર્ગત વિદેશમાં વસતા ગુજરાતી યુવાનો રાજ્યની મુલાકાતે આવતા રહે તે માટે અલગ અલગ પ્રવૃત્તિઓનું આયોજન. |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# અંદાજપત્ર : એક પરિચય

સરકાર દ્વારા આવનારા નાણાકીય વર્ષ માટે રજૂ કરવામાં આવનાર ખર્ચ અને આવકના અંદાજોના હિસાબપત્રને અંદાજપત્ર કહેવામાં આવે છે.

- અંદાજપત્ર આવનારા વર્ષના આવક–ખર્ચના અંદાજિત હિસાબો દર્શાવે છે.
- **અંદાજપત્રની મુખ્ય બાબતો :**
  - અંદાજપત્ર ખર્ચ અને આવકના અંદાજિત આંકડા આપે છે.
  - તે આવનારા નાણાકીય વર્ષના સંદર્ભે જ રજૂ થાય છે, માટે આ અંદાજો ચોક્કસ સમયગાળા માટે છે એમ કહી શકાય.
  - દરેક સરકારના અંદાજપત્રનો મુખ્ય હેતુ દેશના આર્થિક વિકાસ અને પ્રજાના કલ્યાણનો છે.
  - દરેક સરકારે પોતાના અંદાજપત્રને અમલમાં મૂકતા પહેલાં લોકસભા, વિધાનસભા કે સ્થાનિક સભાની મંજૂરી મેળવવી પડે છે.
  - અંદાજપત્ર સામાન્ય રીતે કેન્દ્ર કે રાજ્ય સરકારના નાણામંત્રી રજૂ કરે છે.

**અંદાજપત્રના પ્રકારો**

- સમતોલ અંદાજપત્ર
- અસમતોલ અંદાજપત્ર
  - ખાધવાળું
  - પુરાંતવાળું

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## સમતોલ અંદાજપત્ર

- આવક અને ખર્ચના વાસ્તવિક અંદાજો પ્રમાણે સમતોલ અંદાજપત્ર એટલે એવું અંદાજપત્ર કે જ્યાં સરકારનો અંદાજિત
ખર્ચ તેની અંદાજિત આવક જેટલો જ હોય.
- આ આદર્શ સ્થિતિ, જ્યાં સરકારના ખર્ચ અને આવકના અંદાજો સરખા હોય. વિકસતા દેશો માટે આવું અંદાજપત્ર બિનવ્યવહારું છે. જ્યારે અમુક વિકસિત દેશોમાં સંરક્ષણ અને વૃદ્ધિ–દર વધારવા માટે રાજ્ય વધુ ખર્ચ કરે છે અને

**સમતોલ અંદાજપત્રના ફાયદા :**

- આર્થિક સ્થિરતા જળવાઈ રહે છે.
- આવક અને ખર્ચના અંદાજો સરખા રહે તે માટે સરકાર બિનજરૂરી ખર્ચ તથા બિનજરૂરી વેરા ઘટાડે છે.
- પ્રજા પર બોજ વધતો નથી.

**સમતોલ અંદાજપત્રના ગેરફાયદા :**

- સરકાર સમતોલ અંદાજપત્ર ટકાવવા માટે જરૂરી ખર્ચા ઘટાડે તો પ્રજાના કલ્યાણ પર અસર કરે છે.
- સરકાર ખર્ચ ન ઘટાડે અને સમતોલ અંદાજપત્ર જાળવવા વેરા વધારે તો પ્રજા પર બોજ વધે, તો તે આર્થિક વિકાસને અવરોધરૂપ બને.

**ICE FACT**

- શ્રી એડમ સ્મિથે સમતોલ અંદાજપત્રની તરફેણ કરી હતી.
- શ્રી જે. એમ. કેઈન્સે અસમતોલ અંદાજપત્રની ભલામણ કરી હતી.
- કેઈન્સના મત મુજબ અર્થતત્રમાં રોજગારી ટકાવી રાખવા રાજ્યે વધુ ખર્ચ કરવો આવશ્યક બને છે.

## અસમતોલ અંદાજપત્ર

આ પ્રકારના અંદાજપત્રમાં અંદાજિત આવક અને અંદાજિત ખર્ચ સરખા થતા નથી. આવી અસમતુલા બે રીતે હોય છે :

### ખાધવાળું અંદાજપત્ર :

- સરકારનો અંદાજિત ખર્ચ જ્યારે સરકારની અંદાજિત આવક કરતાં વધુ હોય તેવા અંદાજપત્રને ખાધવાળું કહેવામાં આવે છે.

**ખાધવાળું અંદાજપત્ર = અંદાજિત ખર્ચ > અંદાજિત આવક**

- વિકસતા દેશોમાં સરકારો આર્થિક વિકાસ માટે ખૂબ જાહેર ખર્ચ કરતા હોય છે.
- સંરક્ષણ, શિક્ષણ, સામાજિક સેવાઓ વગેરે પાછળ આ ખર્ચ થાય છે.
- આથી સરકાર પાસે આવકનાં સાધનો ઓછાં હોય છે, કરવેરા ભરવાની ક્ષમતા લોકોમાં ઓછી હોય છે. માટે આવક કરતાં ખર્ચ વધારે થાય છે અને ખાધવાળું અંદાજપત્ર બને છે.

ICE FOR COMPETITIVE EXAMS ®

#### ખાધવાળા અંદાજપત્રના ફાયદા

- આવા અંદાજપત્ર વિકાસલક્ષી અને કલ્યાણલક્ષી ગણવામાં આવે છે.
- મંદીના અર્થતંત્રમાં ખાધવાળા અંદાજપત્રથી ખર્ચ દ્વારા રોજગારી સર્જી શકાય છે. આવા અંદાજપત્ર આર્થિકવૃદ્ધિ વધારવામાં મદદ કરે છે.
- ખાધવાળા અંદાજપત્રમાં કરવેરાનો બોજો ઓછો હોય છે.

#### ખાધવાળા અંદાજપત્રના ગેરફાયદા

- કેટલીક વખત સરકાર વધુ પડતો ખર્ચ કરીને તેને પૂરો કરવા દેવું કરે છે અને દેવાનો બોજ વધે છે.
- સરકારના ખર્ચ પર નિયંત્રણ રહેતું નથી.
- પ્રજાએ કરવેરા દ્વારા ચૂકવેલાં નાણાંનો બિનકાર્યક્ષમ ખર્ચ થાય છે.

### પુરાંતવાળું અંદાજપત્ર :

અંદાજિત ખર્ચ કરતાં અંદાજિત આવક વધારે હોય તેવું અંદાજપત્ર પુરાંતવાળું અંદાજપત્ર કહેવામાં આવે છે. આવા અંદાજપત્ર ખાસ કરીને વિકસિત દેશોમાં જોવા મળે છે. અહીં સરકારનું ખર્ચ ઓછું અને આવક વધારે હોવાથી પુરાંતવાળું હોય છે.

### પુરાંતવાળા અંદાજપત્રના ફાયદા

- પુરાંતવાળા અંદાજપત્રથી રાજ્ય ફૂગાવાના સમયે પ્રજા પાસેથી વધુ વેરા લઈ પ્રજા પાસેનું અધિક ધન ખેંચી લઈ શકે અને ફૂગાવાને કાબૂમાં લાવી શકે.
- પુરાંતવાળા અંદાજપત્રમાં સરકારે ખર્ચને પહોંચી વળવા માટે દેવું કરવું પડતું નથી.
- પ્રજા પર ભવિષ્યમાં કરવેરાનો બોજો પડતો નથી.

### પુરાંતવાળા અંદાજપત્રના ગેરફાયદા

- પુરાંતવાળા અંદાજપત્ર માટે સરકાર જો સામાજિક કલ્યાણ અને વિકાસનાં કાર્યો માટે જરૂરી ખર્ચ પણ ન કરે તો વિકાસને વિપરીત અસર પહોંચે છે.
- મંદીના સમયમાં સરકાર પુરાંતવાળા અંદાજપત્ર માટે નાણાંને પકડી રાખે તો અર્થતંત્રમાં મૂડીરોકાણ, રોજગારી અને ઉત્પાદન પર અસર પડે છે.
- જો દર વર્ષે પુરાંત વધતી જ જાય તો પછી સરકાર તેનું શું કરશે તે પ્રશ્ન મોટો થતો જાય છે. માટે પુરાંતવાળા અંદાજપત્રની પણ મર્યાદા ઊભી થાય.

## અંદાજપત્રનાં ખાતાઓ

અંદાજપત્રની સમજૂતી મેળવવા માટે વિવિધ ખાતાની સમજૂતી મેળવવી જરૂરી છે. એકાઉન્ટની રીતે અંદાજપત્રના હિસાબી ખાતાના બે મુખ્ય ભાગ પડે છે :

(I) જમાબાજુ જ્યાં, રાજ્યની આવકો નોંધાય છે અને

(II) ખર્ચબાજુ, જ્યાં રાજ્યના ખર્ચ નોંધાય છે. આવક અને ખર્ચની બંને બાજુનાં મુખ્ય પાસા નીચે મુજબ છે :

### આવકબાજુ

**મહેસૂલી આવક**

સરકારને પ્રત્યક્ષ તથા પરોક્ષ કરવેરા દ્વારા જે આવક થાય છે, જાહેર ક્ષેત્રના નફા પેટે જે આવકો મળે છે, વિવિધ પ્રકારની ફી કે દંડ પેટે જે રકમ મળે છે તે મહેસૂલી આવક છે. આવી આવક ચાલુ વર્ષની પ્રવૃત્તિઓથી પ્રાપ્ત થતી ગણાય છે.

**મૂડી-આવક**

રાજ્યએ દેશના બજારમાંથી અને વિદેશમાંથી મેળવેલી લોન, મધ્યસ્થ બેન્કમાંથી લીધેલ કરજ તથા ટ્રેઝરી બિલોના વેચાણ તેમજ વિમૂડીકરણમાંથી થતી આવકો મૂડી ખાતાની આવકો છે.

### ખર્ચબાજુ

**મહેસૂલી ખર્ચ**

સરકાર વિવિધ જાહેર સેવાઓ પાછળ જે ખર્ચ કરે છે. જેમકે, કર્મચારીઓને પગાર–ભથ્થા ચૂકવવા, રાજ્યોને મદદ કરવી, સંરક્ષણ, સબસિડી વગેરે માટે જે ખર્ચ છે તે મહેસૂલી ખર્ચ થાય છે.

**મૂડીખર્ચ**

સરકાર દેવાની ચૂકવણીઓ કરે, રાજ્ય સરકારો, અન્યને જે કરજ આપે, સામાજિક તથા સંરક્ષણક્ષેત્રે મૂડીખર્ચ કરે તે મૂડીખાતાનો ખર્ચ છે.

- આમ અંદાજપત્રને બે ખાતામાં વહેંચી શકાય : (A) મહેસૂલી ખાતુ જ્યાં મહેસૂલી આવક અને ખર્ચની નોંધણી થાય તથા (B) મૂડી ખાતુ જ્યાં મૂડી–આવક અને મૂડીખર્ચ નોંધવામાં આવે છે.

JOIN Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## ભારતના વિવિધ સ્તરની સરકારોના અંદાજપત્ર

- ભારતીય સમવાયતંત્ર ત્રિસ્તરીય છે. માટે આ ત્રણેય કેન્દ્ર, રાજ્ય અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાના અંદાજપત્ર સ્વતંત્ર હોય છે.

## રાજ્ય સરકારના અંદાજપત્રનો ખ્યાલ

- ભારતમાં રાજ્ય સરકાર પાસે કેન્દ્ર સરકાર કરતાં ઓછા ઉત્પાદક વેરાઓ છે અને જવાબદારી વધારે હોય છે.
- રાજ્ય સરકારના અંદાજપત્રની માહિતી :

### રાજ્ય સરકારનું મહેસૂલી ખાતું

| આવક (જમા) | ખર્ચ (ઉધાર) |
|---|---|
| (1) કેન્દ્રીય વેરાઓમાંથી મળેલો હિસ્સો (નાણાપંચની ભલામણ મુજબ) | (1) વિકાસલક્ષી |
| | • સામાજિક સેવાઓ જેવી કે શિક્ષણ, આરોગ્ય, પોષણ, પાણી પુરવઠો પછાત વર્ગોનું કલ્યાણ વગેરે પાછળ થતો ખર્ચ<br>• આર્થિક સેવાઓ જેવી કે કૃષિ, ગ્રામીણવિકાસ, સિંચાઈ, ઉદ્યોગ, પરિવહન, સંચાર, વિજ્ઞાન, ટેક્નોલોજી વગેરે પાછળનો ખર્ચ |
| (2) રાજ્યના કરવેરાની આવકો | (2) બિનવિકાસલક્ષી ખર્ચ |
| • રાજ્ય GST<br>• જમીન–મહેસૂલ<br>• સ્ટેમ્પ ડયૂટી<br>• રાજ્યની આબકારી જકાત<br>• વેચાણવેરા/મૂલ્યવર્ધિત કર<br>• વાહન–કર<br>• વીજળી પરનો વેરો<br>• મનોરંજનનો કર<br>• અન્ય કરવેરા | • સામાન્ય સેવાઓ જેવી કે વહીવટીય સેવાઓ, પેન્શન અને નિવૃત્તિના લાભ, નાણાકીય સેવાઓ વગેરે પાછળ થતો ખર્ચ<br>• અન્ય ખર્ચ :<br>સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને અપાતા અનુદાન |
| (3) અન્ય આવકો : અનુદાન, દાન, ભેટ | |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## રાજ્ય સરકારનું મૂડી ખાતું

| આવક (જમા) | ખર્ચ (ઉધાર) |
|---|---|
| **(1) જાહેર દેવું** | **(1) વિકાસલક્ષી** |
| • રાજ્ય સરકારનું આંતરિક દેવું<br>• કેન્દ્ર તરફથી મળતી લોન અને પેશગીઓ<br>• પ્રોજેકટ માટે કેન્દ્ર સરકાર તરફથી મળતી પેશગીઓ | • સામાજિક સેવાઓ પાછળ થતો મૂડીખર્ચ<br>• આર્થિક સેવાઓ પાછળ થતો મૂડીખર્ચ |
| **(2) અન્ય સરકારોને આપેલી લોન અને પેશગીઓની વસૂલાત** | **(2) બિનવિકાસલક્ષી** |
| | • સામાન્ય સેવાઓ પાછળ થતો મૂડીખર્ચ<br>• જાહેર દેવાની ચૂકવણી<br>• અન્ય ખર્ચ :<br>રાજ્ય દ્વારા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને અપાતી લોન અને પેશગીઓ |
| **(3) અન્ય મૂડી આવક** | |
| દા.ત., વિમૂડીકરણમાંથી પ્રાપ્ત થતી મૂડીઆવકો | |

### ICE FACT

- કેન્દ્ર સરકારના ખર્ચનું વર્ગીકરણ આયોજિત અને બિનઆયોજિત ખર્ચ તરીકે થાય છે જ્યારે રાજ્ય સરકારના ખર્ચનું વર્ગીકરણ વિકાસલક્ષી અને બિનવિકાસલક્ષી ખર્ચ તરીકે થાય છે.
- વિકાસલક્ષી ખર્ચ એટલે એવો ખર્ચ જેના થકી આર્થિક વિકાસને પ્રત્યક્ષ અને સીધો વેગ મળે છે. દા.ત., સિંચાઈની સગવડો.
- બિનવિકાસલક્ષી ખર્ચ જે સીધો વિકાસલક્ષી બાબતો પાછળ થતો નથી. પણ પરોક્ષ રીતે લાંબે ગાળે વિકાસને અસર કરી શકે છે. દા.ત., પેન્શનની ચૂકવણી માટેનો ખર્ચ.

## અંદાજપત્રની ખાધના પ્રકારો

### મહેસૂલી ખાધ

- અંદાજપત્રમાં મહેસૂલી આવક કરતા મહેસૂલી ખર્ચ વધી જાય ત્યારે મહેસૂલી ખાધ ઉદ્ભવે છે.
- આ પ્રકારની ખાધ એ દર્શાવે છે કે રાજ્યના ચાલુ ખર્ચ ચાલુ આવક કરતા વધારે છે.
- વ્યાવહારિક તથા હિસાબી દષ્ટિએ આવી ખાધ તંત્રની નીચી કાર્યદક્ષતા દર્શાવે છે.
- મૂડીખાતાની આવકમાંથી આ ખાધ ભરપાઈ કરવાના પ્રયત્ન થઈ શકે છે.

JOIN Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## અંદાજપત્રની ખાધ

- અંદાજપત્રમાં બે ભાગ હોય છે : મહેસૂલી ખાતું અને મૂડીખાતું.
- જ્યારે મહેસૂલી અને મૂડી ખાતાની કુલ આવક કરતા મહેસૂલી અને મૂડીખર્ચ વધારે હોય ત્યારે સમગ્ર અંદાજપત્ર ખાધવાળું ગણાય માટે તેને અંદાજપત્રીય ખાધ કહેવાય.
- કેન્દ્ર સરકાર અંદાજપત્રીય ખાધ પૂરી કરવા માટે રિઝર્વ બેન્ક પાસેથી ઉપાડ કરે છે જેને ખાધપુરવણી કહે છે.
- જ્યારે રાજ્ય સરકાર અંદાજપત્રની ખાધ પૂરવા માટે કેન્દ્ર સરકાર પાસેથી અતિરિક્ત ઉપાડ કરે છે. (ઓવરડ્રાફ્ટ)

## રાજકોષીય ખાધ

- રાજ્ય (સરકાર) બજારમાંથી જે નાણાંનું ધિરાણ મેળવે તેને મૂડી ખાતાની આવક કહેવાય. પણ વાસ્તવિક વ્યવહારમાં તે દેવું છે.
- સરકારની અંદાજપત્રીય ખાધ અને સરકારે બજારમાંથી મેળવેલ દેવું એ બંનેના સરવાળાને રાજકોષીય ખાધ કહે છે.
- આમ, રાજકોષીય ખાધ અંદાજપત્રની ખાધ કરતાં વધુ હોય છે.

રાજકોષીય ખાધ = કુલ ખર્ચ – કુલ આવક
(બજારમાંથી મેળવેલા દેવા સિવાયની).
અથવા
અંદાજપત્રની ખાધ + બજારમાંથી મેળવેલ દેવાની રકમ.

## પ્રાથમિક ખાધ

- રાજકોષીય ખાધમાંથી વ્યાજની ચૂકવણી બાદ કરવામાં આવે તેને પ્રાથમિક ખાધ કહેવામાં આવે છે.
- રાજ્યને દેવાના વ્યાજની ચુકવણી બોજો સર્જે છે. પણ આ બોજો વર્તમાનના કામને કારણે નથી.
- દેવું ભૂતકાળમાં થયું છે અને તેનું વ્યાજ વર્તમાનમાં છે માટે વ્યાજને બાદ કરી પ્રાથમિક ખાધ મેળવાય છે. જે ચાલુ વર્ષના આવક અને ખર્ચનો અંદાજ આપે છે.
- આવો ખ્યાલ આ પ્રકારની ખાધમાં વ્યક્ત કરાયો છે. પરંતુ ભારતમાં આ પ્રકારની ખાધનું નીતિવિષયક મહત્ત્વ ગણાતું નથી.

**નોંધ :** (1) ભારતમાં <u>કેન્દ્ર સરકાર</u>ના બજેટ અંગેની જોગવાઈ ભારતીય બંધારણના <u>અનુચ્છેદ-112</u>માં છે. જ્યારે <u>રાજ્ય સરકાર</u>ના બજેટ અંગેની જોગવાઈ <u>અનુચ્છેદ-202</u>માં છે.

(2) ભારતમાં <u>કેન્દ્ર સરકાર</u>ના લેખાનુદાન અંગેની જોગવાઈ બંધારણના <u>અનુચ્છેદ-116</u>માં છે. જ્યારે <u>રાજ્ય સરકાર</u>ના લેખાનુદાન અંગેની જોગવાઈ <u>અનુચ્છેદ-206</u>માં છે.

**ખાસ નોંધ :** બજેટ અંગેના પરીક્ષાલક્ષી મહત્ત્વના પ્રશ્નો ટૂંક સમયમાં પ્રસિદ્ધ કરવામાં આવશે.

JOIN Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

સૌથી વધુ ઉમેદવારોને સૌથી ઊંચી સફળતા
અપાવનાર સંસ્થા

2020

# ICE®

**INSTITUTE FOR COMPETITIVE EXAMS**

## A COACHING CLASS FOR GOVERNMENT JOB

### ગાંધીનગર

Gh-2, Sector-6, 2nd Floor,
Near Iscon Gathiya,
Gandhinagar-382006

**CALL : 81406-01110 / 81407-01110**

### રાજકોટ

**HEAD OFFICE**
SHREE SADGURU SHOPPING CENTRE,
2nd FLOOR, Nr. AKSHAR MANDIR, OPP. TIRUPATI
PETROL PUMP, KALAWAD ROAD, RAJKOT

**MO. 93757-01110 / 93280-01110**

### જૂનાગઢ

Perry Plaza Complex, 2nd Floor,
Near Alkapuri Society, Zanzarda
Road, Junagadh - 3620001

**CALL : 76985-01110/76986-01110**

### અમદાવાદ

127, Ratna Business Square, Old Natraj
Cinema, Opp. H.K. Collage, Ashram Road,
Ahmedabad - 380009

**CALL : 8469501110/8469601110**

### ALL TYPE OF COMPETITIVE EXAMS

- GPSC
- STI
- PI
- PSI/ASI
- Dy. S.O.
- Dy.MAM.
- TALATI
- CONSTABLE
- IBPS
- SBI
- PO
- CLERK

Website iceonline.in | JOIN TELEGRAM t.me\icerajkotofficial | YouTube icerajkot | Facebook icerajkot | INSTAGRAM icerajkot